# શ્રી સુપટ ચરિત

પ્રકાશક :-

સ્થાનકવાસી જૈન કાર્યાલય

અમદાવાદ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિશેષાંક (ભેટ પુસ્તક)

Reg. No. GAPIC-80-Licence No. 21

U-8691

# શ્રી સુષઢ ચરિત્ર

(ભાષાંતર)

કિંમત રૂા. ૪-૦૦

: પ્રકાશક :

**સ્થાનકવાસી જૈન કાર્યાલય**

પંચભાઈની પોળ, અમદાવાદ.

આવૃત્તિ-પહેલી-૧૯૬૯-બીજી-૧૯૮૮

---

મુદ્રક : કૃષ્ણ પ્રિન્ટર્સ, એ-૭, વાસુપૂજ્ય ચેમ્બર્સ, ઈન્કમટેક્ષ, આશ્રમ રોડ, અમદાવાદ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

190284
Serving JinShasan
190284
gyanmandir@kobatirth.org

# પ્રકાશકનું નિવેદન

ગ્રાહક બંધુ,

અમોને જણાવતાં આનંદ થાય છે કે ઘણા ગ્રાહક ભાઈઓએ અવારનવાર ભેટ પુસ્તક તરીકે આ પુસ્તક ' સુષઢ ચરિત્ર 'ની માગણી કરેલ. જે અમે સ્વીકારી આપની સમક્ષ ભેટ પુસ્તક તરીકે રજુ કરતાં અમો આનંદ અનુભવીએ છીએ.

શ્રી મહાનીશીથ સૂત્ર ઉપર પૂર્વાચાર્યે રચેલા સંસ્કૃત ગ્રન્થના ટબા પરથી આ ચરિત્રની રચના કરવામાં આવી છે. મૂર્તિપૂજક સમાજ તરફથી પ્રગટ થયેલ ' સુષઢ 'ચરિત્ર સંસ્કૃત શ્લોકો સાથેનું ભાષાંતર જોવામાં આવ્યું તેમજ એક જુની આવૃત્તિ શ્રેણીબદ્ધ અને સુવાચ્ય શૈલીમાં જે દરિયાપુરી સંપ્રદાયના સ્વ. તપસ્વી શ્રી માણેકચંદજી મ. દ્વારા ભાષાંતર થયેલી આ પુસ્તક અમારા પિતાશ્રી સ્વ. જીવણલાલ છગનલાલ સંઘવીએ ઈ. સ. ૧૯૬૯ માં પહેલી આવૃત્તિ પ્રગટ કરેલ જેની બીજી આવૃત્તિ જૈન સમાજની સેવા અર્થે આપની સમક્ષ રજુ કરીએ છીએ.

તંત્રી : પ્રવીણચંદ્ર જીવણલાલ સંઘવી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# અમરવીર પુજ્ય શ્રી મહેશકુમાર શાંતિલાલ પારેખ

આજે આપની વાર્ષિક તારીખે આપે જે ઉચ્ચ આદર્શો ઉરધરીને સદાય હસતા રહીને કુટુમ્બ વાત્સલ્યના પ્રેરણામૂર્તિ બનીને ધર્મપ્રત્યેની અખૂટ શ્રદ્ધા સામાજીક ક્ષેત્રે ગરીબોના બેલી રહી, "દીન દુઃખી સ્ત્રીને નીહાળી", કંઇકના જીવનને સંભાળીને ગર્વ ગુમારને ગમીને હસતાં હસતાં ધુપસળી જેમ જલે છે, તેમ તમે પણ નાની વયમાં તમારો સ્થુળદેહ સમર્પણ કરીને સગાસ્નેહી સજ્જનો મિત્રો પુત્રો-પુત્રી તથા બંધુઓ વગેરે તરફ સુવાસ ફેલાવી તમારા જીવનને ધન્ય બનાવ્યું છે

તેઓશ્રી સરન્યાયધીશ શાંતિલાલ પોપટલાલ પારેખ ના પુત્ર તથા સરન્યાયધીશ (ગોંડલ) શ્રી કીરચંદ જગજીવન સંઘાણીના દોહિત્ર હતા. તથા રાજકોટ સંઘના સેક્રેટરી તથા માજી પ્રમુખ શ્રી પ્રાણજીવનભાઈ નારણજી પારેખના જમાઈ હતા. તેઓશ્રી ગોંડલ નાગરિક બેંકના ચેરમેન હતા. તેમણે સમર્પણ નામનું બેંકનું બિલ્ડીંગ બનાવી અટલ બિહારી બાજપાઇને હસ્તે ઉદ્ઘાટન કરાવ્યું તે તેમનું સ્વપ્ન હતું. તે સિદ્ધ કર્યું. તેઓ નગરપાલીકા-અપના બજારના સદસ્ય હતાં. રાજકોટ અપનાબજારના સભ્ય હોવા છતાં યે આપે સર્વદા જનસેવા તેજ પ્રભુસેવા એ જ જીવનપર્યંત મુદ્રાલેખ આપનો હતો તે અમોને સર્વદા પ્રેરણાના પિયુષ બની રહે. આપનું ઉદાહરણ જીવનપર્યંત ધ્રુવતારા માફક જવલંત પ્રકાશ આપતું રહેશે. આપના દિવ્ય ઉચ્ચકોટિનો પરમગતિ આત્માને અમારા સ્મરણાંજલિ લાખો પ્રણામ અર્પણ કરીએ છીએ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પરિવારમાં તેમના ધર્મપત્ની મૃદુલાબેન તથા પુત્ર હિમાંશુ તથા પુત્રી રાજેશ્રી તથા ભાઈ પ્રફુલ્લભાઈ અશ્વિનભાઇ, કિરીટભાઈ તથા ડોલરભાઈ તેમજ ચાર નાના ભાઈઓ તથા તેમના ચારેયના ધર્મપત્ની, બાળકો, તથા બંને બ્હેનો સરલાબેન વિનયભાઈ વોરા તથા ભારતીબેન પ્રવિણભાઈ પારેખ ને ભાણેજ પ્રેમલ પારેખ તથા કાકા મનસુખભાઈ પારેખ, મોટાભાઈ સુરેશભાઈ પૂ. માસીબા સવિતાબેન મહેતા, આમ બહોળા પરિવારને ઉચ્ચ સંસ્કારને આદર્શ-મય ધાર્મીક ભાવનાનું સીંચન કર્યું છે. તેવા અમર આત્માને તા. ૨-૭-'૮૮ ના રોજ લાખો વંદન .....

શ્રી શાંતિલાલભાઇ પોપટલાલ પારેખ
અ.સૌ. કનકપ્રભાબેન શાંતિલાલભાઇ પારેખ
શ્રીમાન મહેશકુમાર શાંતિલાલ પારેખ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# ફુલ ની સુવાસ

(રાગ-કુવર ચેલૈયા)

હે મારા નોધારા ના આધાર
વિરા મહેશભાઈ વિશરૂં વિરા,
અમર તારૂ નામ,

હે ભાઈ મારે બહુ સાંભરે
ને ભેકાર લાગે ભિતરનો તાર,
પણ સમાજનો...સમાજનો સેનાની
મરે.........રૂ.........હૈયે હૈયે
પળે હડતાલ

હે તું તો ગુણ ગુણનો ભંડાર
વિરા મહેશભાઈ વિરારે વીરા
અમર તારૂ નામ.........

હે વીરા તારા ગુણના શું ગાયું ગાન
તે હરાવ્યા સૌને પ્રેમ ના પાન.
પણ આજ વિધા આજ વિધી,
થયો વેરી તો હા કે આપણે
ભવોભવો ના છેટાં પડયાં



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હે તુ તો ગરીબોનો તારણહાર
વિરા મહેશભાઈ વિરા રે,
અમર તારૂ નામ રે......

હે વીરા તારા વિયોગે, રળે ચૌટાને ચોક,
ને લોક રડે થોકે થોક, હે ગોંડલ ગામને
તું મોભી, મારા બાંધવ દિનદુખીયાના તું આધાર.

હે વિરા તારી સેવાના ન થાય મોલ
તારી સેવા આગળ કોઈ ન આવે તોલ
હે અખુટ શક્તિના......... .....
અખુટ શક્તિના લૂંટાવી ભંડાર.

દિનદુઃખીયા ને થયો બેલી તૂં,
હે તુ તો દિલનો હતો દાતાર..
વિરા મહેશભાઇ વીરા રે.........
અમર તારૂ નામ

હે વીરા તું શાંતિલાલભાઈ નો લાડીલો લાલ
ને માતા કનક પ્રભાબેન નો તુ બાળ
બેન મધુબેન નો તું......મધુબેન નો તું,
કોડિલો કંથ સૌને વિસારી
ચાલ્યો ગયો મુક્તિ નો પંથ.
કે તું તો દુઃખનો તારણહાર . રે
વિરા મહેશભાઈ વીરા રે..
અમર તારૂ નામ



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હે વીરા તુ તો હિમાંશુભાઈ,
રાજશ્રીબેન નો હોંશિલો તાત

ને પ્રફુલભાઇ અશ્વીનભાઈ કીરીટભાઇ
ડોલરભાઈ નો મોંઘેરો ભ્રાત

એને વિસારી હાલ્યો થયો મોક્ષદ્વાર,
કે તુ તો સમર્પણ નો સિતાર

વિરા રે મહેશભાઈ વિરા રે ..અમર તારૂ નામ

કે ફુલ ગયું ને...ફોરમ રહી...ને
ઉરે ઉરેથી અશ્રુધારા વહી.

અમ કાળજા કેરો અમ કાળજા કેરો ટુકડો ગયો
અમ અંતરનો આરામ ગયો રે.

હે તું તો પરહિત નો કરનાર રે. ......
વિરા મહેશભાઈ વીરા રે.......
અમર તારૂ નામ

**અંધ મહિલા વિકાસ ગૃહની અંધબહેનો તરફથી**
**શ્રી વિરા મહેશભાઈને**



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## ॐ ઘંટાકર્ણ સ્તોત્ર :

ॐ હ્રીં ઘંટાકર્ણ મહાવીર, સર્વ વ્યાધિ વિનાશક :
વિસ્ફોટક ભય પ્રાપ્તે રક્ષરક્ષ મહાબલ : યત્ર ત્વં
તિષ્ટસીદેવં લિખિતોડક્ષર પંક્તિ ભિ; રોગા સ્તત્ર
પ્રણશ્યતિ વાતપિતક ફોદભવ : ૨ં, તત્ર રાજ ભયં નાસ્તિ
યાન્તિ કર્ણે જયાક્ષર : શક્તિત, ભૂત વૈતાલ; રાક્ષસ:
પ્રજાવંતિત ॥ ૩ ॥ કાલે મરણે તસ્યા ન ચ સર્પેણ દશ્યતે;
અગ્નિ ચોર ભયં નાસ્તિ, ॐ હ્રાં ઘંટાકર્ણ નમોસ્તુ,
ઠ: ઠ: ઠ: સ્વાહા ॥ ૪ ॥

□

## (રાગ : મૈત્રીભાવનું પવિત્ર ઝરણું)

નવકાર મંત્રનો મહિમા મોટો, સુણજો થઇ એકતાર,
રે હૃદયે રટણ કરો તો સફળ બને અવતાર રે........

નમો અરિહંતાણં નમો નમો :
નમો સિદ્ધાણં નમો નમો.

શ્રદ્ધાને ભક્તનો હૈયે, ઝલતો રાખે દિવડો
મોહમાન માયા ત્યાગીને રંગે રંગો દીવડો.
સંકટ સમયે સહાયક થઇને ઉતારે ભવ પાર રે...

નમો આયરિયાણં નમો નમો
નમો અરિહંતાણં નમો નમો

અજર અમર પદ આપે એવો, એક જ મંત્ર અનોખો
ઘૂંટજો સંયમને સંસ્કારે, માનવ મનખો મોંઘો.

નમો ઉવજ્ઝાયાણં નમો નમો.
નમો લોએ સવ્વસાહૂણં નમો નમો
નવકાર મંત્રનો........



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## શ્રી ચુનીભાઈ ચોરીભાઈ પટેલ-સુણાવવાળા



જન્મ : તા. ૧૯-૯-૧૯૧૩

આપશ્રી અમારામાં જે ધાર્મિક સંસ્કારોનું સિંચન કરી રહ્યા
છો અને અમારા જીવનને સન્માર્ગે લઇ જવામાં જે પ્રેરણા આપી
રહ્યા છો તે માટે અમે આપશ્રીના ભવોભવના ઋણી છીએ.

( આપના પુત્રો )

P.P. Ac. Gunratnasuri M.S.    Jun Gun Aaradhak Trust

## અ.સૌ. સૂરજબેન ચુનીભાઈ ઘોરીભાઈ પટેલ-સુણાવવાળા
[ સ્વર્ગવાસ : તા. ૬-૮-૧૯૮૩ ઉં. વર્ષ-૭૩ ]



દાનવીર અને ધર્મપ્રેમી એવા સુપુત્રોને જન્મ આપીને આપે માનવજન્મ સાર્થક કર્યો છે. શ્રી નવનીતભાઈએ આપના કૂળને દીપાવ્યું છે આપનું ઋણ સ્થાનકવાસી જૈન સમાજ હંમેશાં યાદ કરશે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## શ્રીમાન મહેશકુમાર શાંતિલાલ પારેખ



વડલા સમાન ધીરગંભીર, વિશાલ હૃદયી, પરોપકારી, જીવનમાં ધર્મના સુંદર સંસ્કારોના આચરણ સાથે કોઈપણ જાતની આકાંક્ષા વગર માનવતાના નૈતિકતા ના મૂલ્યને સમજી સમાજ ને નિઃસ્વાર્થે સેવા આપી પરમ પદને પામવા જનાર આપશ્રીને કોટિ કોટિ વંદન.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust



શ્રી શાંતિલાલ પોપટલાલ પારેખ



અ. સૌ. કનકપ્રભાબ્હેન શાંતીલાલ પારેખ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# શ્રી સુષઢ ચરિત્ર

પરમ આનંદ મય, પરમ પ્રમાણુ, કર્મરૂપી અંજન રહિત એવા જે સિદ્ધ પરમેષ્ઠિ કે જે 'પરમ યોગી' ને રૂપાતીત ધ્યાને ધ્યાવામાં આવે છે તેમને નમસ્કાર કરીને ગ્રંથનો પ્રારંભ કરૂં છું ॥ ૧ ॥

રાજગૃહી નગરી સમીપમાં ગુણશીલ નામે ઉદ્યાનને વિષે, એકદા શ્રી મહાવીર પ્રભુ સમોસર્યા. 'યતિનો યત્ના એ ધર્મ છે, તેવો તેમણે પ્રષદા સમક્ષ દયા રૂપી ધર્મ પ્રરૂપ્યો. ॥ ૨ ॥

જયણા (યત્ના)એ ચાલે તે સાધુ. જે યત્નાએ ઉભો રહે, યત્નાએ બેસે, યત્નાએ સુવે, યત્નાએ આહાર કરે, યત્નાએ બોલે, તે સાધુ નવાં પાપ કર્મ ન બાંધે. અગાઉનાં બાંધેલાં હોય તે નિર્જરે. ॥ ૩ ॥

જે સાધુ જયણા (યત્ના) રહિત હોય અને તપ ઘણો કરે તે સાધુ તપ છતાં પણ) સુષઢની માફક આજ્ઞારહિત ધર્મ આરાધીને, તેનો પાર ન પમાય એવા સંસારસમુદ્ર મધ્યે ભમે. ॥ ૪ ॥

એ સાંભળીને શ્રી ગૌતમ સ્વામી શ્રી મહાવીર પ્રભુને વાંદીને પૂછતા હતા, હે પ્રભો ! તે સુષઢ કોણ થયો ? તણે જયણા અને આજ્ઞારહિતપણે ધર્મ કેવી રીતે કર્યો અને કેવી રીતે (તેના પરિણામે) તે ઘોર સંસારસમુદ્ર ભમ્યો ?



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

(આ અરજ સ્વિકારીને પ્રભુજી તે ઇતિહાસ સભા મધ્યે નીચે પ્રમાણે કહેતા હતા.) ॥ ૫ ॥

ઇહ ભરત ક્ષેત્રને વિષે અયવંતી દેશમાં સંબૂક નામે ગામ છે, એને ફરતો ધૂળનો કોટ છે. તે ગામને વિષે સૂર્યશીવ નામે વિપ્ર વસે છે. તે વિપ્ર જન્મે દરિદ્રી તેમજ નિર્દય—અનુકંપારહિત છે. ॥ ૬ ॥

જક્ષજસા નામે તેની સ્ત્રીને એકાદ પ્રસ્તાવે ગર્ભ રહ્યો. નવ માસે તેણે પુત્રીને જન્મ આપ્યો. તે પુત્રીનું નામ સૂર્યસિરિકુંવરી એવું પાડવામાં આવ્યું. પુત્રીના જન્મ પછી તરત જ માતા રોગાદિ કષ્ટે કરીને મરણ પામી. ॥ ૭ ॥

આટલી કથા સાંભળી શ્રી ગૌતમ સ્વામી શ્રી મહાવીરને પૂછતા હતા: હે સ્વામિન્! જે પુત્રીનો જન્મ જ માતાના મરણનું કારણ થઈ પડયો તે પુત્રીએ પૂર્વભવે શા પાપ કર્યા હશે તે જણાવવા કૃપા કરશો. ॥ ૮ ॥

ભગવાન કહેતા હતા.: હે ગૌતમ! આ ભરત ક્ષેત્રને વિષે ધરણપ્રતિષ્ટિત નામે નગર હતું, જેમાં અરિમર્દન રાજા રાજ કરતો હતો. ॥ ૯ ॥

ત્યાં સુર્યસિરિ કુંવરીનો જીવ (પૂર્વભવે) તે અરિમર્દન રાજાની પટ્ટરાણી રૂપે ઉપન્યોં હતો. લાવણ્ય અને ગુણમાં સંપન્ન એવી તે પટરાણીનું નામ નરકંતા હતું. ॥ ૧૦ ॥

તે નરકંતાની શોકય (સહપત્ની) ને પુત્ર પ્રસવ્યો,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જે જોઈ નરકંતાને ઘણી ઇર્ષા થઈ. દ્વેષને લીધે તે દુષ્ટ ધ્યાન અને વેરઝેરમાં મશગુલ બની. ॥ ૧૧-૧૨ ॥

આવા દુષ્ટ ધ્યાનને વશ થયેલ તે પટરાણી ઘણાં અશુભ કર્મો ઉપાર્જન કરતી થકી તથા ઘણાં ભવ ભ્રમણ કરી મહા દુઃખી થઈ ॥ ૧૩ ॥

ત્યાંથી કેટલેક ભવે તે રાણીનો જીવ સુર્યસિરિ નામે બ્રાહ્મણપુત્રી રૂપે જન્મ્યો. પૂર્વ ભવનાં દુષ્ટ ચિન્તવનને પાપે કરીને જન્મતા જ તેની માતા મરણ પામી. ॥ ૧૪ ॥

આ સાંભળી શ્રી ગૌતમ શ્રી મહાવીર સ્વામી પ્રત્યે પૂછતા હતા : હે ભગવન્ ! એ બાલિકા એટલા મનને પાપે આટલું દુઃખ પામી તો કોઈ જીવ છકાયના જીવની હિંસા કરે છે, વળી જૂઠું બોલે છે. વળી અદત્તાદાન લે છે, મૈથુન સેવે છે, પરિગ્રહ ઘણો જ મેળવે છે, ઘણા આરંભ-સમારંભમાં મગ્ન રહે છે વળી. ॥ ૧૫ ॥

મદ્ય-માંસ-માખણનું ભક્ષણ કરે છે. રાત્રીભોજન પણ કરે છે. એવા નિરંતર પાપ કરનારની, હે પ્રભુ ! શી ગતિ થાય ?.........

ત્યારે ભગવાન મહાવીર સ્વામી કહેતા હતા : હે ગૌતમ ! તે જીવના વિપાક સઘળા કહેવાને તો હું સમર્થ નથી ! મતલબ કે તે અનંત દુઃખ વેઠે. ॥ ૧૬ ॥

હવે (કથા આગળ ચાલી) તે સુર્યસિરિ કુંવરીને તેના સુર્યશીવ પિતાએ અનેક સ્ત્રીઓ પાસે મીઠા વચને કરી ધવરાવી-લાલન પાલન કરાવી-અનેક શુશ્રુષાએ ઉછેરાવી. ॥ ૧૭ ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સુર્યસિરિકુંવરી અનુક્રમે આઠ વર્ષની થઈ, એવે સમયે તે દેશમાં બાર વર્ષનો રૌદ્ર-ભયાનક દુષ્કાળ પડયો. ॥ ૧૮ ॥

આવા રૌદ્ર દુષ્કાળમાં કોઈનું કુળાભિમાન ન સચવાયું, સગા-સ્વજનનો સ્નેહ ન સચવાયો, પરોપકાર ન સચવાયો, દાન-લજ્જા-દયા-ધર્મ એમનું કાંઈ ન સચવાયું. ॥ ૧૯ ॥

વળી તે દુષ્કાળ સમયે, ભક્ષ્યાભક્ષ્યનો વિચાર ન રહ્યો, માતા પિતા ભૂખને વશ થયા થકા પોતીકા પુત્રને પણ વેચવા લાગ્યા, ચંડાલ જેવી નીચ વર્ણનું અન્ન પણ કોઈ છોડે નહિ, માબાપ પુત્રને અને પુત્ર માબાપને છોડી જવા લાગ્યા. ॥ ૨૦ ॥

આવા ભયંકર દુષ્કાળ સમયે સુર્યશીવ વિપ્ર ક્ષુધાની વેદનાથી પીડાતો થકો-અભાગીઓ મનમાં એમ ચિંતવવા લાગ્યો કે— ॥ ૨૧ ॥

'નથી મારા ઘરમાં નથી કાંસાનું પાત્ર કે નથી કોઈ ભારે કિંમતનું વસ્ત્ર તેમજ નથી કોઈ એવી વસ્તુ કે જે વેચીને સર્વ રત્નમાં પ્રધાન એવું રત્ન લાવું.' ॥ ૨૨ ॥

પછી-તે વિપ્રે એમ વિચાર્યું કે, 'જે દેશમાં સુકાળ હોય ત્યાં જઈ કોઈની ચાકરી કે મજુરી કરીને, અથવા ભિક્ષા માગીને પેટ ભરૂં.' ॥ ૨૩ ॥

'પણ પરદેશ જવા માટે વાટખર્ચી જોઈએ. તે વિના પરદેશ કેમ કરી પહોંચી શકાય? અને મારા ઘરમાં તો એક દિવસ પહોંચે એટલું પણ અન્ન નથી.' ॥ ૨૪ ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હવે તે વિપ્ર ક્ષુધાએ પીડાતો થકો છેવટે એમ ચિંત્વન કરવા લાગ્યો કે : આ બાલિકાને હણી તેનું ભક્ષણ કરૂં.' વળી પાછો તે બ્રાહ્મણ એમ ચિંતવવા લાગ્યો કે : ॥ ૨૫ ॥

'એમ કરવું મને ઉચિત નથી. બાલિકાનું માંસ ખાવું મને ઘટે નહિ. પણ એને નગરમાં વેચીને તેનું દ્રવ્ય વાટ-ખર્ચી તરીકે કામમાં લઉં.' ॥ ૨૬ ॥

'હા હા ! મ્હેં પાપીએ આ પાપ શું ચિંતવ્યું ? બાલિકાની હત્યા કરવાનું કામ જે મ્હેં ચિંતવ્યું હતું તે અતિ મધ્યમ–દુષ્ટ–ચાંડાલ પણ ન ચિંતવે એવું હતું.' ॥ ૨૭–૨૮ ॥

તે ફરીથી વિચારવા લાગ્યો : 'કોઈ ધનવંતના ઘેર તેને જીવતી વેચીને જે દામ આવે તે વડે પંથે સુખી થાઉં.' ॥ ૨૯ ॥

એમ વિચારી તે બ્રાહ્મણે પોતાની પુત્રીને તે નગરમાં વસતો ગોવિંદ નામે વિપ્ર કે જે જૈન ધર્મ પાળતો હતો અને મોટી ઋદ્ધિનો ધણી હતો તેના ઘેર વેચી, જે સાટાના બદલામાં તેને એક જૂનું પુરાણું વસ્ત્ર અને થોડીક કાંગ : એટલું જ મૂલ્ય મળ્યું. ॥ ૩૦ ॥

હે ગૌતમ ! નગરના સર્વ વણીકોએ અને અન્ય જનોએ પેલા વિપ્ર પર તિરસ્કાર કર્યો. પછી તે, તે નગરથી બહાર નીકળ્યો. ॥ ૩૧ ॥

ફરતો ફરતો તે વિપ્ર ભુવનાલંકાર નામે નગરમાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પહોંચ્યો, ત્યાં તે લોકોનાં બાળક ઉઠાવી જઈને બીજે સ્થાને જઈ વેચતો અને તેના દામ ગાંઠે બાંધતો ! એવું કામ લઈ બેઠો. ॥ ૩૨ ॥

એમ ઘણાં પાપ કરી–ઘણે કાળે–ઘણે આરંભે આ દુષ્ટ વિપ્રે સવા કરોડ મૂલ્યનાં પાંચ રત્નો એકઠાં કીધાં. ॥ ૩૩ ॥

હે ગૌતમ ! તે અવંતી દેશને વિષે તે મહા દુષ્કાળ આઠ વર્ષ સુધી તો લોકોએ જેમ તેમ કરી ગુજાર્યો. ॥ ૩૪ ॥

પણ તે પછી, જેમ જીવને આયુષ્ય ઘટતું જાય તેમ, તે નગરના લોકોની લક્ષ્મી અને અન્ન ખાતાં ખાતાં ખુટયાં. ગોવિંદ વિપ્ર (કે જેને ત્યાં સુર્યશીવે સુર્યસિરિને વેચી હતી તે) ના ઘરમાં પુષ્કળ ધનસંચય હતો તે પણ તદન ધનરહિત થઈ ગયો. ॥ ૩૫ ॥

તે વખતે ગોવિંદ વિપ્ર એમ ચિંતવવા લાગ્યો કે, 'આ દુષ્કાળ હજી કેટલો વખત ચાલશે ? અન્ન વિના હવે કુટુંબનો નિર્વાહ કેમ થશે ?' એમ વિચારી તે રાજા પાસે ગયો (કારણકે પોતે રાજાનો પ્રધાન હતો.) ॥ ૩૬ ॥

રાજા પ્રત્યે પ્રધાન કહેવા લાગ્યો : 'હે રાજન્ ! કુટુંબનો નિર્વાહ કરો.' ત્યાંરે રાજાએ વિપ્રને પચીશ શેર ચોખા આપ્યા. તે લઈને પોતાને ઘેર ગયો. ઘેર આવી તે ચોખા પોતાની પત્નીને આપીને કહેવા લાગ્યો : 'આ ચોખા બરાબર જાળવજે, હવે બીજી વાર રાજા નહિ આપે.' ॥ ૩૭ ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એક વખત એક મહિયારી દહીં વેચવા નિમિત્તે પ્રધાનને ઘેર આવી. ગોકુળપતિની ભાર્યા એવી આ આહીરણી ગોકુળથી દહીં વેચવા આવી. ॥ ૩૮ ॥

તે બ્રાહ્મણીએ થોડાક ચોખા માટે દહીંના ચાર ગોરસનું સાટું કર્યું. બ્રાહ્મણીએ તે ગોરસ કુટુંબને જમવા અર્થે લીધું. ॥ ૩૯ ॥

પછી તે આહીરણી પોતાના ઘેર જવા તૈયાર થઈ એટલે ગોરસનું મૂલ્ય જે ચોખા તેની માગણી કરી : 'મને ચોખા આપો કે જેથી ઉતાવળી મારા ઘેર જાઉં.' ॥ ૪૦ ॥

તે સાંભળી તે બ્રાહ્મણીએ સુર્યસિરિ પ્રત્યે કહ્યું 'હે પુત્રી ! ઘરમાં જઈ રાજાએ જે ચોખા આપ્યા છે તેમાંથી થોડા લઈ આવ.' ॥ ૪૧ ॥

સુર્યસિરિ ઘરમાં જઈ ચોખાનું વાસણ જુએ છે તો તેમાં કાંઈ દીઠું નહિ. તેણે પાછા ફરી જવાબ વાળ્યો કે, 'માતાજી ! ચોખા તો ક્યાંય દેખાતા નથી.' ॥ ૪૨ ॥

સખેદાશ્ચર્ય પામી તે બ્રાહ્મણી આ સાંભળી તુરત જ તે કુમારીકાને મહીયારી પાસે રહેવા દઈ પોતે ઘરમાં ગઈ. પરંતુ ઘરમાં (ચોખાને બદલે) તેણે પોતાના પુત્રને ગણિકા સાથે વિષયલુબ્ધ થયેલો જોયો. ॥ ૪૩ ॥

માતાને પોતાના તરફ આવતી જોઈ તે પુત્ર તો ક્રોધાતુર બની ગયો. તેણે તેણીને કઠોર વચન કહેવા માંડયા: 'જો તું ત્યાંથી આગળ વધીશ તો ખાત્રી રાખજે કે હું તને જરૂર ઠાર કરીશ.' ॥૪૪॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એ સાંભળતાં-જ બ્રાહ્મણી મનમાં વિખવાદ પામી ધરણી પર ઢળી પડી, તેને મૂર્છા આવી. ॥૪૫॥

માતા ધરણી પર પડી તે અવાજ સાંભળી સૂર્યસિરિ ઘરમાં દોડી ગઇ અને બહાર જઈ કોલાહલ કરવા લાગી કે, મારી માતા મૂર્છા ખાઈને કાષ્ટવત્ પડી છે. ॥૪૬॥

લોકો ઘણા એકઠા થયા અને ગોવિંદ વિપ્ર પણ આવ્યો. તેણે તેણીના પર શીતળ જળ સીંચ્યું. (પેલો પુત્ર આ સમય દરમ્યાન લજ્જા પામી ગણિકાને રૂખશદ આપી ફારગ થયો હતો) બ્રાહ્મણીને ઠંડા ઉપચારથી મૂર્ચ્છારહિત કરી, પછી ગોવિંદ વિપ્ર તેને પૂછવા લાગ્યો. ॥૪૭॥

'તને મૂર્છા કેમ આવી ?' ત્યારે તે સ્રી કહેવા લાગી : સ્વામિન્ ! મહીઆરીને મૂલ્ય દેવા ચોખા લેવા સારૂં હું ઘરમાં આવી : ત્યાં પુત્રનું કઠોર વચન સાંભળીને મને મૂર્ચ્છા આવી. તારા શુભ ભાવે **અને જાતિ સ્મરણ જ્ઞાન ઉપજ્યું**. ॥૪૮॥

'એ જાતિસ્મરણ જ્ઞાનના પ્રતાપે મેં મારા સંખ્યાતા ભવ (પૂર્વના) દીઠા. તેથી ધન, સ્વજન, બંધુ, પુત્ર એ સર્વ ઉપરથી 'રાગ' દૂર થયો. ॥૪૯॥

'સ્વજન પુત્રાદિ જ્યાં સુધી પોતાનાં કાર્યો વડે આપણને રાજી રાખે ત્યાં સુધી તે પ્રિય, અને કાર્ય ન સરે ત્યારે પુત્રાદિક પણ વૈરીથી અધિક દુશ્મન વતૂ લાગે. ॥૫૦॥

'હે પતિ ! તમે પ્રત્યક્ષ જુઓ કે, પુત્રને અર્થે મેં મિથ્યાત્વ સેવ્યું (ભવાની વગેરેની પૂજાઅર્ચા કરી, ચરણ કર્યા). તેના સેંકડો ઉપાય (પુત્રની આશાએ) કર્યા. ॥૫૧॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'નવ માસ ઝાઝેરા તે પુત્રને કુક્ષિમાં ધારણ કર્યો, ગર્ભપણે સ્નેહે પાળ્યો. તેના જન્મ પ્રસંગે લક્ષ્મીનું ઘણું દાન દીધું ।।૫૨।।

'તે પુત્રને બાલપણમાં ઉછેરતી વખતે લઘુનીતિ–વડીનીતિની દુર્ગન્ધ પણ મેં ન ગણી, મોહનીય કર્મથી બંધાયેલી એવી મે મોહવશ્ય થઇ દુર્ગન્છા જરાકે ન ગણી. ।।૫૩।।

'તેમજ એ પુત્રને મીઠે આહારે રાત્રિ દિવસ પોષ્યો, હંમેશ સ્નાન–મંજન–આભૂષણે કરીને તેનું પ્રતિપાલન કર્યું. એમ કરતાં યૌવનાવસ્થા પ્રાપ્ત થતાં તેને મોટા ઠાઠમાઠથી પરણાવ્યો. ।।૫૪।।

'તે વખતે હું એમ ચિંતવતી હતી કે, આ પુત્રને પ્રભાવે હું વૃધ્ધાવસ્થામાં સુખી થઇશ. પછી પવિત્રજનની આશા પુરી સુખે કાળ નિર્ગમીશ. ।।૫૫।।

'એવા જે પુત્રને માટે હું મળ મૂત્રથી ખરડાયલી રહેતી તેણે આજે મને પ્રત્યક્ષ અતિ કઠિન સંભળાવ્યું. ।।૫૬।।

'હા ! મેં પરભવને માટે કાંઈ જ કર્યું નહિ ! એ પુત્રના લોભે શુભ કાર્ય—અનુષ્ઠાન કાંઈ કર્યું નહિ ! મોક્ષ રૂપી વૃક્ષનું બીજ એવું જે શુધ્ધ સમ્યક્ત્વ તે પણ મેં લેશ માત્ર આદર્યું નહિ ! ।।૫૭।।

'હાય ! પુત્રના લોભે મેં શુધ્ધ સમ્યક્ત્વથી એકાગ્ર બની ધર્મકરણી કાંઇ કરી નહિ ! ત્રિકાલ વંદના ન કરી ! જિન દેવની સ્તવના પણ મુજથી ન થઈ ! ।।૫૮।।

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'પુત્રના સ્નેહને વશ્ય થઈ પરોપકાર પણ મારાથી કંઈ થઇ શકયો નહિ! યથાશકિત તપ પણ ન થઇ શકયો!– પર્વતિથિ–અષ્ટમિ–અમાવાસ્યા–પુર્ણમાસી સામાયિક પૌષધ પણ ન કરી શકી! વિધિ સહીત તપ ન કરી શકી!॥૫૯॥

'એ પુત્રને માટે ઘરકામમાં રોકાઈ, હું સજઝાય (અભ્યાસ) તથા ધ્યાન પણ ન કરી શકી! પૂર્વે ભણેલું સંભારી શકી પણ નહિ! ॥૬૦॥

...હે સ્વામી! હું ઘણું શું કહુ? કુટુંબને વિષે મોહ પામેલો મારો જીવ, લક્ષ્મી પામવા છતાં પણ ધર્મ ન સંચી શકયો? શ્રી જિનનો ભાખ્યો ધર્મ ન કરી શકયો! મારો મનુષ્ય ભવ એળે ગયો! ॥૬૧॥

'મારા કારમા સ્નેહે કાંઇ કામ થયું નહિ. મારૂં કોઈ છેજ નહિ. સ્વજન કુટુંબ ઉપર જે સ્નેહ તે દુઃખદાઇ છે. ॥૬૨॥

'હે જીવ! લોકને વિષે ધર્મ છે તે જ ઉચિત છે. માતા, પિતા અને સ્વજન તરીકે ધર્મ જ છે. ધર્મ હિતકારી, યશકારી, સુખકારી સ્વર્ગ તથા મોક્ષનો દેનારો છે. ॥૬૩॥

'પૌષધ સામાયિકાદિ નિરંતર કરવામાં ધર્મ છે, પણ તે હમેશ થવું દુર્લભ છે. નિત્ય એ ધર્મનો ઉપદેશ લેવો એ જીવને પરભવે જરૂર સુખકારી થઇ પડે છે અને થોડે કાળે મુકિત આપે છે. ॥૬૪॥

'આર્ય ક્ષેત્ર, મનુષ્ય જન્મ, ઉત્તમ કુળ, ઈત્યાદિ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સામગ્રીઓ ફરી ફરીને પામવી મુશ્કેલ છે. માટે તે પામીને જ્ઞાન દર્શન ચારિત્ર કે જે હિતકારી છે તેમાં પ્રવૃત્ત થવું. ॥૬૫॥

'જ્ઞાન-દર્શન-ચારિત્રની જેમ બને તેમ વધારે આરાધના કરવી, કારણ કે આયુષ્ય નિરંતર ઘટતું જાય છે. હાથની અંજલીમાંના જળની માફક આયુષ્ય ઘટતું જાય છે. ॥૬૬॥

'આયુષ્ય ઘટવાની સાથે પ્રતિદિન શરીરબળ-વીર્ય પણ ઘટે છે. જીર્ણ કપડાની માફક, માટીના વાસણુની માફક આ શરીર અસાર થાય છે. ॥૬૭॥

'તપ-જ્ઞાન-ચારિત્ર એ ત્રણ પવિત્ર ચીજો મેળવ્યા પહેલાં, જરા રૂપી રાક્ષસીએ શરીરના તત્વનો ગ્રાસ(કોળીઓ) કર્યો એટલે પરાક્રમ રહીત વૃદ્ધાવસ્થા આવી. ॥૬૮॥

'જે શરીર યૌવનાવસ્થામાં તરુણીને (યુવાન સ્રીને) હર્ષ ઉપજાવતું, જે શરીરને જોઇ સ્ત્રી રાગ ધરતી તે શરીર વૃદ્ધાવસ્થામાં ઉલટું ઉદ્વેગકારી થઈ પડે છે! ॥૬૯॥

'અહો ? વૃદ્ધાવસ્થાએ કરી મસ્તકમાં પળી (ધોળા વાળ) આવ્યાં હોય, દાંત પડી ગયા હોય, મોંમાંથી લાળ ઝરતી હોય, તે કેમ કરી દેખાવા લાયક ગણાય ? ॥૭૦॥

'આ જીંદગી જળબિંદુવત્ ચંચળ છે. ક્ષણુ એકમાં તે વિણસી જાય છે. માટે સમજુ માણસે શરીર પર મૂર્છા ભાવ ન રાખવો, શરીરને અસાર જાણુવું. ॥૭૧॥

જયાં સુધી વૃદ્ધાવસ્થા ન આવે, પાંચ ઇન્દ્રિયની હીનતા ન થાય, શરીર દઢ રહ્યું હોય ત્યાં સુધીમાં ધર્મને વિષે પ્રર્વ પ્રકારે ઉદ્યમ કરી લેવો. ॥૭૨॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'જિન ધર્મ સમગ્રપણે આરાધો ! સર્વ વિરતી ધર્મ મોક્ષનો હેતું થાય. સત્ય જયણા સહિત જે ધર્મ-પંચ મહાવ્રત રૂપ જે ધર્મ તે યત્નાએ આદરો ।।૭૩।।

'જૈન ધર્મ વિના મોક્ષ માર્ગનો બીજો ઉપાય નથી. સમુદ્રમાં જેમ વહાણ, તેમ જીવને સંસારમાં ધર્મનો આધાર છે. ।।૭૪।।

'સિદ્ધનાં સુખ તથા વિમાનવાસી દેવતાઓનાં સુખ તે સર્વ, વિધિસહિત ધર્મ આરાધવાથી પામી શકાય છે. ।।૭૫।।

'આર્યદેશ-મનુષ્ય ભવ-ઉત્તમકુળ વગેરે સામગ્રી દુર્લભ છે અને તે પામવી છતાં જેઓ ચારિત્ર ધર્મ નહિ આદરે તેને શરણનું ધામ બીજે કયાં મળશે ? ।।૭૬।।

'હે જીવ ! બોધીબીજ પામીને જો તું ધન-શરીર આશામાં ગુંચાઈ રહીશ અને ધર્મ નહિ આદરે તો ફરી બીજા ભવને વિષે બોધીબીજ-ચારિત્રરૂપ ધર્મ કેમ પામીશ ?' ।।૭૭।।

ઈત્યાદિક ધર્મોપદેશ ને બાઇએ સંભળાવ્યો. તે પોતાને ઉત્પન્ન થયેલા જાતિસ્મરણજ્ઞાને કરીને કહેતી હતી. તે સાંભળી ગોવિંદ વિપ્ર પ્રતિબોધ પામ્યો અને પોતાના ધર્મ પત્ની પ્રત્યે કહેવા લાગ્યો. ।।૭૮।।

'મોહ રૂપ કંદવ મધ્યે હું ખુંચ્યો હતો તેને, હે પ્રિયે ! આજ તે પાર ઉતાર્યો. હવે હું પ્રવજર્યા-દિક્ષા લઇશ.' તે સાંભળી બ્રાહ્મણી કહેવા લાગી. ।।૭૯।।

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'ભવ રૂપ મંદીરને વિષે મોહ રૂપ અંધારી રાત્રીમાં પ્રમાદ રૂપ અગ્નિ બળે છે. તેમ છતાં તે મકાનમાં હે જીવ! તું અજ્ઞાન રૂપી નિદ્રામાં સૂતો છું. પણ જેમ તેમ કરી જાગવામાં જ તારૂં શ્રેય છે. ॥૮૦॥

'સંયમી પુરૂષ સૂતા (જણાય) છે તો પણ તે ભાવથી જાગતાં જ જાણવાં, મિથ્યા દૃષ્ટિ અધર્મી પુરૂષો જાગતા હોય છતાં સૂતાં જ જાણવાં.' ॥૮૧॥

ત્યાર પછી તે ગોવિંદ બ્રાહ્મણે તેની પત્ની-શ્રુત કેવળી ગણધરાચાર્ય સમીપે દિક્ષા લીધી. ॥૮૨॥

સમ્યક પ્રકારે જ્ઞાન-દર્શનનું આરાધન કરતાં, ચારિત્રનું ભલી રીતે આરાધન કરતા ક્ષપક શ્રેણી ચડી, કર્મ ક્ષય કરી, કૈવલ્ય પામી દંપતિ મોક્ષ પામ્યાં. ॥૮૩॥

શ્રી ગૌતમ સ્વામી શ્રી મહાવીર પ્રભુ પ્રત્યે પૂછતા હતાઃ 'હે સ્વામિન્! તે બ્રાહ્મણીએ પૂર્વ ભવે શું સુકૃત કીધું હતું કે જેથી તે સુલભ બોધ પામી અને વળી ઘણા જીવોને પ્રતિબોધની કરણહારી થઇ?' ॥૮૪॥

શ્રી વીર પ્રભુ વદતા હતાઃ 'હે ગૌતમ! એ વિપ્રણીના જીવે પૂર્વ ભવે નિશ્ચલપણે આલોયણા લીધી હતી, ગુરૂએ જે કાંઇ પ્રાયશ્ચિત આપ્યું તે આરાધ્યું હતું-શુદ્ધ અને નિર્દોષપણે અંગીકાર કર્યું હતું. ॥૮૫॥

પૂર્વ ભવે તેણીનો જીવ શુદ્ધ ચારિત્ર પાળી કાળ ધર્મ પામી ઇન્દ્રની અગ્ર મહિષીપણે ઉપન્યો, ત્યાંથી ચ્યવી ગોવિંદ વિપ્રને ઘેર પત્નીપણે ઉપન્યો. ॥૮૬॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તે સાંભળી ગૌતમ પૂછતા હતાઃ 'હે ભગવન્ ! પૂર્વે શું તે સાધ્વી હતી ?' શ્રી વીર પ્રભુએ કહ્યું: 'ના, હે ગૌતમ ! પૂર્વે એ જીવ ગચ્છાધિપતિ વવર પંડિત આચાર્ય-પણે હતો. ॥૮૭॥

ગૌતમે પૂછયું: 'તો હે ભગવન્ ! એ ગચ્છાધીપતિપ્રવર પંડિતાચાર્યે એવું શું માયા કપટ સેવ્યું હતું કે જેથી તેને સ્ત્રી-વેદનું પાપકર્મ બાંધવુ પડયું ?' ॥૮૮॥

'હે ભગવાન્ સર્વ પાપનું સ્થાનક, પંડિત પુરૂષે નિંદવા યોગ્ય, અપયશની ખાણ તથા કપટ આદિ દોષોના નિધાન રૂપ સ્રીવેદ પામવાનું શું કારણ ?' ॥ ૮૯ ॥

ત્યારે શ્રી મહાવીર ભગવાન ખુલાસો કરતા હતા : હે ગૌત્તમ ! તે જીવે આચાર્ય ભવે સાધુપણા વિષે મન-વચન-કાયાએ કરી થોડું પણ કપટ સેવ્યું નથી, સંયમમાં જરા પણ માયા કેળવી નથી. ॥૯૦॥

આ આચાર્યનો જીવ ભરત ક્ષેત્રને વિષે ચૌદ રત્ન, નવનિધાનનો ધણી પ્રવર ચક્રવર્તી હતો. એકદા તેને વૈરાગ્ય આવવાથી ગુરૂ પાસે ધર્મ સાંભળી, સંસારથી ભય પામી, ગુરૂ દિક્ષા લીધી. ॥૯૧॥

પછી ગુરૂ પાસે તે ચક્રવર્તીમાંથી સાધુ બનેલાએ અભ્યાસ કર્યો. અનુક્રમે સૂત્રાર્થમાં પ્રવિણ થતાં ગુરૂએ તેને આચાર્ય પદવી આપી. ॥૯૨॥

આ આચાર્યે પંચવિધિ આચાર પાળતા અને બીજા સર્વ સાધુ પાસે પણ પળાવતા. તે પંચ મહાવ્રતપાલક

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સાધુ આચાર્યના ૩૬ ગુણને નિર્મલપણે ધારણ કરતા હતા. ॥૯૩॥

તે જુગ પ્રધાન યથા વિધિએ પોતાનો ગચ્છ પાળી, વિધિએ આળોવી, નિંદી, કાળ કરીને પૂર્વ ભવના માયા-કપટના પ્રતાપે તે આચાર્ય ઇંદ્રની દેવી—અગ્રમહિષી પણે ઉપન્યા. ॥૯૪॥

ગૌતમે પૂછયું : 'હે પ્રભો ! એ જીવે પૂર્વ ભવે શું માયાકપટ સેવ્યું હતું કે જેના વિપાકનો ઉદય સ્ત્રીવેદમાં આવ્યો ? ॥૯૫॥

પ્રભુએ કહ્યું : આ બ્રાહ્મણીના ભવથી એક લાખમે ભવે, તેણીનો જીવ ક્ષિતિષ્ઠિત નામે નગરીના સામંત રાજાની 'રૂપી' નામે પુત્રી પણે હતો. ॥૯૬॥

તે રૂપી કુંવરી યૌવનાવસ્થા પામી ત્યારે રાજાએ તેને પરણાવી, પણ તુર્તમાં જ તેનો પતિ રોગના કારણથી મરણ પામ્યો. તેથી બન્ને પક્ષનો પરિવાર તથા રૂપી કુંવરી ઘણો વિલાપ કરતા હતા. ॥ ૯૭ ॥

સામંત રાજાએ પુત્રીને તેડાવીને કહ્યું : 'હે પુત્રી ! તેં પૂર્વ ભવે આકરા દુષ્કર્મનો સમુહ કરેલો તે હમણાં ઉદય આવ્યો જણાય છે. માટે હે પુત્રી ! શોક અને સંતાપ છોડીને હવે તો તું ધર્મ વિશે જ ઉદ્યમ કર. ॥ ૯૮ ॥

'હે પુત્રી ! મારી પાસે ૫૦૦ ગામ છે. જે સર્વ આજથી હું તને આપું છું. તેની આવ્રદાની લઇ તું ધર્મ ધ્યાન કર, પુન્ય કર, ભગવાનની સ્તવના કર. ॥ ૯૯ ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'શ્રી જિન દેવની સ્તવના મન વચન કાયાની શુદ્ધિ સહિત કરો, જિન દેવને ભજો, પાંચ કલ્યાણિકને વિષે ઉપવાસાદિક તપ કરો, ગુરૂભક્તિ કરો. ।। ૧૦૦ ।।

"પર લોકની સાધના કરનાર જે શ્રાવક—શ્રાવિકા, તેમને સન્માન દો, અન્ન—જલ—મુખવાસ આદિએ કરી સંતોષો, વસ્ત્ર અલંકાર-વિલેપણ-આદિએ કરી તેમની ભક્તિ કરો. ।। ૧૦૧ ।।

સામંત રાજાએ વિધવા બનેલી પોતાની રૂપી નામની પુત્રીને કહેવાનું ચાલુ રાખ્યું, 'હે પુત્રી! સાધુ—સાધ્વી પ્રમુખ ઘેર આવ્યે, શુદ્ધ આહાર-પાણી આપો, વળી વસ્ત્ર -પાત્ર-કાંબળ-રજોહરણ-શય્યાદિક આપી તેમની ભક્તિ કરો. ।।૧૦૨।।

'વળી, હે પુત્રી! દીન—અનાથ જનોને, રોગગ્રસ્ત જનોને, આંધળા-પાંગળાને-દરિદ્રને અનુકંપાએ કરી દાન ઘો, એવી રીતે દ્રવ્યનો સદ્વ્યય કરો. ।।૧૦૩।।

'ઘર મધ્યે રહી નિર્મળ શીળ પાળો, શ્રાવકના બાર વ્રત ઉત્તમ રીતે આરાધો, જેણે કરીને પરભવને વિષે સુખ પામશો. ।।૧૦૪।।

પિતાનાં આ સર્વ વચનો સાંભળી તે રૂપી કુંવરી આંસુ ભરેલાં નેત્રો સહિત ગદ્ગદિત કંઠે કહેવા લાગી: 'હે તાતજી! હું વધારે કાંઈ સમજતી નથી, મને તો કાષ્ટાગ્નિ આપો, મારે બળીને ભસ્મ થવું છે. ।।૧૦૫।।

'હે પિતાજી! આપના કુળનો યશ ત્રણ ભુવનને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિષે વિસ્તાર પામ્યો છે તે યશ ચંદ્રના કિરણ જેવો ઉજ્જવલ છે. હે પિતાજી! સ્ત્રીનો સ્વભાવ ચપલ છે, તો આપના નિર્મળ કુળને કલંકીત થવાનો સંભવ પણ શા માટે જોઈએ? ॥૧૦૬॥

'હે તાત! સ્ત્રી જાત પ્રાય: પર્વતમાંથી વહેતી નદીની માફક અધોગામી (નીચે જનારી) છે અને વિદ્યુતની માફક ચપલ છે, કાળા સર્પની માફક કુટીલ—વક્રગતિવાળી છે. ॥૧૦૭॥

'રાત્રી વ્યતિક્રમે જેમ દિવો ઝાંખો તેમ પતિ વિના સ્ત્રી ઝાંખી છે. તેલ વિના દિવો રહી શકે નહિ. સ્ત્રી સ્વભાવ સંધ્યાના રંગની પેઠે ચપળ છે. ઉદ્વેગનો કરણહાર છે. ॥૧૦૮॥

'માટે હે તાત! કૃપા કરી મને કાષ્ટાગ્નિ આપો, કે જેથી દોષના ભંડાર રૂપ આ શરીરને બાળીને ભસ્મ કરૂં.' ॥૧૦૯॥

પુત્રીનાં આવાં વચન સાંભળી રાજા મનમાં ચિંતવવા લાગ્યો: 'હું કેવો કૃતકૃત્ય કે આવી સદ્‌ગુણી પુત્રી પામ્યો? તે નારી જાતમાં ઉત્તમ છે. ॥૧૦૧॥

'અહો એની બુદ્ધિ! એનો વિવેક! અહો એનું ધૈર્ય! અહો એનો વૈરાગ્ય! ॥૧૧૧॥

'જે પુત્રી સકળગુણશિરોમણિ એવા શીલ ગુણે કરી વિભૂષિત છે, તે પ્રતિક્ષણ નમવા યોગ્ય છે, ગુણવતી છે, સ્તવના કરવા યોગ્ય છે. ॥૧૧૨॥



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'જ્યાં સુધી એ પુત્રી મારા ઘરમાં છે ત્યાં સુધી મારા આત્માની શુદ્ધતા છે. બીજા ઘણાં સ્ત્રી પુરૂષોથી શું વળવાનું ?' ॥૧૧૩॥

એવું મનમાં ચિંતવીને રાજાએ પુત્રી પ્રત્યે સ્નેહયુક્ત શબ્દે કરી કહ્યું : 'હે પુત્રી ! હું અપુત્ર છું અને તું મારે મન પુત્રી છતાં પુત્ર તુલ્ય છે. ॥૧૧૪॥

'વળી હે પુત્રી ! શ્રી તીર્થંકરે એવું કોઇ વખત કહ્યું નથી કે દુઃખ આવ્યેથી બળતી અગ્નિમાં કાયા ક્ષેપવી. ॥૧૧૫॥

'હે પુત્રી ! સંસારને વિષે બળી મરવાથી સ્વર્ગ અને મોક્ષનાં સુખ મળતાં હોત તો દાન–શીલ–તપ ભાવની આદિ શુભ કરણી કે જે દુષ્કર છે તે ચીર કાલ સુધી કોઈ કરત જ નહિ. ॥૧૧૬॥

'હે પુત્રી ! ઘણા ભવનાં સંચેલાં પાપો સંયમ યુક્ત તિવ્ર તપ વડે બળી ખાખ થાય છે. પણ કાષ્ટાગ્નિથી કર્મ ક્ષય ન થાય. ॥૧૧૭॥

'માટે ચારિત્રયુક્ત તપ યથાશક્તિ પ્રસન્ન ચિતે અંગીકાર કરો. છઠ–અઠમ–દશમ દ્વાદશાહિક તથા માસખમણ–અર્ધમાસખમણ યથાશક્તિ આદરો. ॥૧૧૮॥

'વળી પણ શ્રી તીર્થંકરે ઘણા દુષ્કર તપ કહ્યા છે. જેવા કે, ગુણરત્ન સંવત્સર તપ તથા આયંબીલ વર્ધમાન તપ. ॥૧૧૯॥

'એકાવલી તપ, રત્નાવલી તપ, કનકાવતી તપ,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મુક્તાવલી તપ, તપશ્રેણી તપ, ઘનતપ, પ્રતર તપ, ભિક્ષુ-પ્રતિમાં તપ, જવ મધ તપ, વજ મધ તપ. ॥૧૨૦॥

'લઘુસિંહ વિક્રિડિત તપ, ગુરૂસિંહ વિક્રિડીત તપ, ભદ્ર પ્રતિમા તપ, મહાભદ્ર પ્રતિમા તપ, સર્વતો ભદ્ર પ્રતિમ, તપ, મહા સત્ય તપ, સતમસતમીઆ તપ, અઠમ અઠમીઆ-નવમ નવમીયા તપ, પ્રતિમા તપ, ઉપધ્યાન તપ, જ્ઞાન પંચમી તપ, ગર્ભવાસ—જન્મ—દિક્ષા કેવલ્ય—નિર્વાણ એ પાંચ કલ્યાણીકનો તપ, ઇન્દ્રિયજય વગેરે ઘણા તપ કર્મની નિર્જરા માટે કરો. પણ તે તપ આ લોકને અર્થે કરવા નહિ. ॥૧૨૧-૧૨૨-૧૨૩॥

'આ લોકમાં માન પૂજા આદિ મેળવવાની ઇચ્છાથી તપ કરવો એ નિષેધાયેલો છે, તપ કરવો તે કેવળ નિર્જરા માટે જ કરવો. ॥૧૨૪॥

'એ પ્રમાણે શ્રી જિનોક્ત વિધિપૂર્વક તપ કરવાથી અવશ્ય કર્મ ક્ષય થાય અને મોક્ષ મળે, છેવટે મનુષ્ય દેવ લોકનાં સુખ તો સહેલાઇથી મળી શકે. જેમ કરસણી ને પરાલ સુખે નીપજે તેમ તપથી ઇન્દ્રિય સુખ તો સહેજે પામીએ. ॥૧૨૫॥

'માટે હે પુત્રી! કદાગ્રહ છોડો. કાષ્ઠ-અગ્નિનો વિચાર છોડી શ્રાવકનાં બાર વ્રત રૂપ ધર્મ આદરો.' એવી પિતાની હિતશિક્ષા સાંભળીને રૂપી કુંવરીએ તે શિક્ષા પ્રમાણ કરી-માની. પછી રાજાએ કોઈ ધર્મવંત શ્રાવકને પોતાની પુત્રી ધર્માભ્યાસ માટે સોંપી. ॥૧૨૬॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હવે, રૂપા સમાન ઉજ્જવલ ચિત્તવાળી તે રૂપીકુંવરી ત્રણ કાળ, ભગવત્‌સ્તવના કરવા લાગી, સૂત્ર ભણવા લાગી, યથાશક્તિ તપ કરવા લાગી; સામાયિક કરવા લાગી અને પર્વતિથિએ પોષધ પણ કરવા લાગી. ॥૧૨૭॥

તે કુંવરી વિવિધ પ્રકારનાં દાન દેવા લાગી; ચતુર્વિધ સંઘની ભક્તિ કરવા લાગી; દીન જનોની વાર (સહાય) કરવા લાગી. એમ ધર્મતત્ત્વનું આરાધન કરતી સુખે કાળ નિર્ગમન કરતી હતી. ॥૧૨૮॥

એકદા રાજા પોતાનો અંત સમય નજીક જોઈ અણસણાદિક તપ કરીને પ્રધાન વગેરેને બોલાવીને કહેતો હતો : –'હે મંત્રીશ્વર ! મારું રાજ્ય આ રૂપીકુંવરીને હું સોંપું છું, તમે બંનેની સારસંભાળ રાખજો !' એમ ભલામણ દઈને રાજાએ દેહ છોડયો. ॥૧૨૯॥

મરતાં મરતાં રાજાએ સર્વ પરિવારને કહ્યું કે 'આ કુંવરીના શીલ થકી તમારા રાજ્યનો નિર્વાહ થશે. મારે કોઈ પુત્ર નથી, માટે શીલગુણવાળી આ રૂપી કુંવરીને બેસાડજો. એ (મારે મન) પુત્રી છતાં પુત્રસમાન છે.' ॥૧૩૦॥

સામંત રાજાના મૃત્યુ પછી તેના સામંતોએ રૂપી કુંવરને પુરુષના વેશમાં રાજ્યાસને બેસાડી. પુરુષના વેશમાં સભામાં બેસતી તે કુંવરી પ્રધાન તથા સામંત આદિની સહાયથી સુખે સુખે રાજ્યનું પાલન કરતી હતી. ॥૧૩૧॥

કેટલોક કાળ વ્યતીત થયા પછી એકાદ પ્રસ્તાવે,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રધાનનો પુત્ર શીલસન્નાહ પોતાના પિતા સાથે રાજ્ય સભામાં આવ્યો. તે પરિપૂર્ણ યૌવનમાં આવેલો અને ઘણો રૂપવંત હોવાથી રૂપી રાજાએ તેની તરફ જોયું અને દુર્જય એવા કામવિકારથી તેની દૃષ્ટિ વિકારવાળી બની. પછી તે દૃષ્ટિ કામ રાગે પ્રધાનપુત્ર તરફ મેષોન્મેષ જોવા લાગી. ।।૧૩૨।।

શીલસન્નાહ કુંવરનું રૂપ ઘણું હતું. ચંદ્ર સમાન તેનું સૌમ્ય વદન છે, સુર્ય સમાન તેજસ્વી તેના દેહની કાન્તિ છે, દેવાંગના પણ જેની અભિલાષા કરે એવા રૂપ-વાળો તે કુંવર હતો. ।।૧૩૩।।

એવા તે કુંવરને જોઈને રૂપી કુંવરી કે જે જીવા-જીવને જાણે છે અને ગુણ અને શીલના આભૂષણે કરી જે વિભૂષિત છે, વિતરાગનાં વચનમાં જેની એવી તો દ્રઢ શ્રદ્ધા છે કે દેવતાનું વૃંદ પણ તેને ધર્મથી ચળાવી શકે તેમ નથી–એવી તે કુંવરી મદનના બાણથી ચળચિત્તા થઈ. ।।૧૩૪।।

કુંવરે જોયું કે 'કુંવરીની દૃષ્ટિ વિકારવાળી થઈ છે. જરૂર આ કુંવરી મારામાં મોહીત થઈ છે.' ।।૧૩૫।।

'જો કે સભા મધ્યે લોકલજ્જાએ તે કાંઈ બોલી શકતી નથી તો પણ એના હ્રદયમાં તેણીએ મારૂં સ્વરૂપ ધારણ કર્યું છે. કામીજનોની દૃષ્ટિ લાખખો માણસ વચ્ચે પણ છાની રહેતી નથી. ।।૧૩૬।।

અરે ! એ કુંવરીએ વિકારી મન વડે શીલને ખંડિત

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કર્યું. એણે શીલને ખામી લગાડી. એણે જિનવચન તથા સદ્દગુરૂના ઉપદેશને પણ વિસારી મુકયો. ॥૧૩૭॥

'અરે! એણે પરલોકનો ભય પણ ન ગણ્યો. એને સભાજનોની લજ્જા પણ ન આવી. એણે પોતાના આત્માને કલંકિત કર્યો. અહો! ધિક્કાર છે સ્ત્રીના સ્વભાવને! ॥૧૩૮॥

શીલ છે તે જ આ લોકમાં જીવને ઉત્તમ રૂપ છે! તે જ ઉત્તમ આભરણ છે, તે જ જીવીતવ્ય છે. ॥૧૩૯॥

'શીલને ખંડીત કરતા કરતાં મરણને ભેટવું શ્રેય છે, આ પાપિનીએ સભા મધ્યે મારા સામું સરાગ દૃષ્ટિએ ઘણીવાર જોયા કર્યું તો પછી સભાના લોકો સભા છોડી જશે ત્યારે એ કુંવરી મારા શીલને ખંડિત કરે તો મારે શું કરવું? ॥૧૪૦-૧૪૧-૧૪૨॥

'અહો! ધિક્કાર છે આ મારા અતિ રૂપને, કે તેને નિમિતે તે ઉત્તમ કુળમાં ઉપજેલી કુંવરી મોહિત થઈ ઘોર અંધકાર રૂપ ભવકૂપમાં પડવા તત્પર થઈ છે. હવે મારે આ નગર મધ્યે રહેવું ઘટે નહિ. ॥૧૪૩॥

'હવે મારે દેશાન્તર ગમન કરવું એજ શ્રેષ્ઠ છે. અહીં રહેવું યોગ્ય નથી.' એમ તે કુંવર મનમાં ચિંતવવા લાગ્યો. ॥૧૪૪॥

પછી તુરતજ તે કુંવર સભાજનો બેઠા છતાં પિતાને નમન કરી સભામાંથી ચાલતો થયો અને શહેર છોડી મુસાફરીએ નીકળ્યો. ॥૧૪૫॥

ચાલતાં ચાલતાં હરણ ઉકરડી નામે નગરમાં પહોંચ્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ત્યાં જઇને ચિંન્તવ્યું કે 'કોઇ ઉત્તમ સાધુ મળશે ત્યાં સુધી અહીં જ થોભીશ." ॥૧૪૬॥

વળી ચિંતવ્યું કે 'આ નગરીનો રાજા વિચારસાર ઘણો પ્રસિદ્ધ છે તેને જઈને મળું; કદાપિ તે પણ મારી સાથે પ્રતિબોધ પામે' ॥૧૪૭॥

એવો વિચાર કરી તે રાજા પાસે પહોંચ્યો. રાજાને પ્રણામ કર્યા. રાજા તેનાથી ખુશ થયા અને પોતાની પાસે બેસાડયો. ॥૧૪૮॥

રાજાએ તેને વિવેકપૂર્વક પૂછયું તમારા હાથમાં આ મુદ્રિકા છે, તે કોના નામની છે? આજ સુધી તમે કયો સ્વામી દ્રઢપણે સેવ્યો કે જેણે પોતાનાં નામની મુદ્રિકા તમને આપી?' ॥૧૪૯-૧૫૦॥

કુંવરને રાજાએ પૂછયું; 'તમારા સ્વામી (માલીક)નું નામ શું છે?' કુંવર કહે 'ભોજન જમ્યા પહેલા એ માલીકનું નામ લેવું અને ઉચિત નથી.' ॥૧૫૧॥

રાજા કહે: 'એવો એનામાં શો અવગુણ છે?' કુંવર કહે: 'હે રાજન્! તે રાજા ચક્ષુકુશીલીઓ છે. એની કથા મોટી છે, કોઇક અવસરે જમ્યા પછી વૃત્તાંત કહીશ ॥૧૫૨॥

'જમ્યા પહેલાં એનું નામ દેવાથી ભોજન ન પામીએ, આહાર વગર રહેવું પડે.' ॥૧૫૩॥

તે સાંભળી રાજા વિસ્મીત થયો. તેણે રસોઇ મંગાવી અને પરિવાર સાથે તેને જમવા બેસાડયો. ॥૧૫૪॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજાએ જમણા હાથમાં આહારનો કવળ લઈ, કુંવ-રને પૂછ્યું : 'કહો, કુંવરજી ! હવે તે કુશીલીઆનું નામ કહો. વળી તે રાજાએ કહ્યું : 'કદાપિ તેનું નામ લેતાં ભોજન ન પામીએ એમ ખરેખર બનશે તો હું તેનું પાપ પ્રત્યક્ષ દેખીને પરિવાર સહિત દીક્ષા લઈશ એવી પ્રતિજ્ઞા લઉં છું.' ॥૧૫૬॥

ત્યારે કુમારે કહ્યું : 'તે ચક્ષુકુશીલીઓ અધર્મી, પાપી–રૂપીરાય નામે છે. તેણે પોતાનો મનુષ્યભવ નિષ્ફળ કર્યો.' ॥૧૫૭॥

તે જ સમયે શાસનદેવીનું આસન ચળ્યું. દેવીએ વિચાર્યું કે 'રખેને આ શીલવંત કુંવરનું વચન મિથ્યા થાય! માટે તેમ ન થાય એમ મારે કરવું જોઈએ.' એમ વિચારી દેવીએ પરશત્રુને લાવલશ્કર સહિત પેલા વિચારસાર રાજાની નગરીની ભાગોળે મોકલ્યો. ॥૧૫૮॥

શ્રી મહાવીર દેવ કહેતા હતા : હે ગૌતમ ! તે શત્રુએ તેનું નગર ચોતરફથી ઘેરી લીધું એ જાણી વિચારસાર રાજા હાથમાંનો કવલ નીચે મૂકી કુંવરને પ્રણામ કરી રાજ્ય ભળાવી શીઘ્ર નાઠો. ॥૧૫૯॥

તે જોઇ શીલસનાહ કુંવર મનમાં વિચારવા લાગ્યો, સ્વામી વિનાના આ શહેરને છોડી નાશી જવું મને ન ઘટે તેમજ શત્રુ સાથે સંગ્રામ કરવો પણ ઘટે નહિ. કારણ કે —॥૧૬૦॥

પ્રાણાતિપાતવિરમણ નામે વ્રત મેં આદરેલું હોવાથી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ત્રસ જીવને હણવાના મારે પ્રત્યાખ્યાન છે. જન્મ્યા પહેલા કુશીલીઆનું નામ લેવાથી આ પરિણામ આવ્યું એ પ્રત્યક્ષ જોવાયું. ॥૧૬૧॥

હવે મારે શું કરવું ? સાગારી અનશન કરી મારા શીલની પરીક્ષા કરૂં. જો મન-વચન-કાયાની શુદ્ધિએ કરીને શીલ પાળ્યું હશે તો શત્રુ રાજાનો ડર દૂર થશે.' ॥૧૬૨॥

નિર્મળ શીલ વ્રતના ધરણહાર પુરૂષોને સંસારમાં સખ્તમાં સખ્ત વિષ પણ અમૃત થઇ પ્રગટે છે, બળતી અગ્નિની જવાળા શિતળ સમાન થઈ પડે છે. ॥૧૬૩॥

(કુંવરની બાબતમાં પણ તેમજ થયું) તે શત્રુ રાજાનો સૈન્ય સમક્ષ જઇને ચિંતવન કરવા લાગ્યો. જો હું મનથી પણ શીલહીન થયો હોઉં તો આ સૈન્ય મને હણજો ! અને જો મારૂં શીલ નિર્મળ હોય તો સર્વ સૈનિકો બાંધવ સમાન હોજો ! ॥૧૬૪॥

શત્રુ રાજાએ આ રૂપવંત પુરૂષને જોઈ તેને નગરનો રાજા માન્યો અને કુંવરે શત્રુને એવી ભૂલમાં પડેલો જોઈ કહ્યું, હું આ નગરીનો સ્વામી છું. તમારામાં વીર્ય-પરાક્રમ હોય તો મારા શરીર પર પ્રહાર કરો.' ॥૧૬૫-૧૬૬॥

તે સાંભળી શત્રુરાજાના માણસો હાથમાં ખડ્ગ સહિત કુંવર ઉપર ધસી આવ્યા. 'હણો ! હણો ! 'એમ બોલતા થકા દૈત્યસરખા વિકાળ એ શત્રુઓ કુંવરને હણવા દોડયા. ॥૧૬૭॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હે ગૌતમ! તે સમયે શાસન દેવીએ સર્વ સુભટો થંભાવી દીધા. તે શત્રુઓ ચિત્રના પુતળાની માફક થંભ ગયા. ।।૧૬૮।।

પછી તે દેવી આકાશમાં પ્રત્યક્ષ આવીને કહેતી હતી 'મેરૂ પર્વતને ચળાવી શકે અને સમુદ્રને વિષે ચક્રવર્તીન સેનાંને જીતી શકે એવો પુરૂષ કોપાયમાન થયા છતાં તે કોઈકાળે શીલવંત પુરૂષને જીતી શકશે નહિ. ।।૧૬૯–૧૭૦।।

'શીલવંત પુરૂષનું કુળ નિર્મળ છે. આકાશને વિષે શરદ ઋતુ તો ચંદ્ર જેમ પ્રકાશે છે તેમ શીલવંત પુરૂષ ત્રણ લોકને વિષે પ્રકાશે છે–પુજનીક થઈ પડે છે. સર્વ પાપને નિવારનાર એવું શીલવ્રત સર્વ સુખનું નિધાન છે, શીલવંત જીવ લોકને વિષે જયવંત હો! હે પ્રાણીઓ! તમે ક્રોધ છોડી એ શીલ સન્નાહ કુંવરને પગે પડો.' એમ કહી તે દેવીએ કુંવર ઉપર પુષ્પની વૃષ્ટિ કરી. ।।૧૭૧–૧૭૨–૧૭૩।।

તે સમયે કુમાર મૂર્છા ખાઈ જમીનપર પડયો. થોડી વારે તે ચેતના પામી ઉભો થયો એટલે તેને જાતિસ્મરણ જ્ઞાન ઉપજ્યું અને વળી સાથે અવધિ જ્ઞાન પણ ઉપજ્યું. ।।૧૭૪।।

એ વખતે વિચારસાર રાજાએ પોતાના સેવકને નગર જોવાને મોકલેલો તેણે નગરને મણિરત્ને કરી પુરિત જોયું! અને શીલસંનાહ કુંવરને પણ દીઠો ।।૧૭૫।।

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજા વિચારસાર આ ખબર સાંભળી પર્વતની ગુફામાંથી બહાર નીકળી જાતિવંત અશ્વપર સવાર થઈ કુંવરની પાસે આવ્યો અને તેજ સમયે શત્રુરાજા પણ કુંવરના પગે પડયો તે વિચારસાર રાજાએ પ્રત્યક્ષ જોયું. ॥૧૭૬॥

વળી એક આશ્ચર્યજનક દેખાવ દીઠો, તે કુંવરને જમણે હાથે પંચમુષ્ટિ લોચ કરતો જોયો! શાસન દેવી હાથને વિષે ધર્મોપકરણ લઈ આગળ ઉભેલી દીઠી! 'જય જય' શબ્દ બોલતી દેવી દીઠી। ॥૧૭૭॥

વિચારસાર રાજા કુંવરને જોઈ ઘણો હર્ષિત થયો. દેવી પણ હર્ષિત થઈ. રાજા પ્રમુખ સર્વ કોઇએ કુંવરને સુવર્ણ કમળ પર બેઠેલા અને સુધર્મેન્દ્ર વડે છત્ર કરાતા જોયા! તેઓ તેમને દેવ તથા મનુષ્યની સભા વચ્ચે ઉપદેશ દેતા પ્રસન્ન થયા. ॥૧૭૮-૧૭૯॥

અવધિ જ્ઞાને કરી કુંવર (મુનિ) અસંખ્યાતા ભવનું પોતાનું સ્વરૂપ જોવા લાગ્યા, અને જે ભવમાં સમ્યકત્વ પામ્યા તે ભવનું સ્વરૂપ પ્રકાશવા લાગ્યા. ॥૧૮૦॥

વિચારસાર રાજા કુમારને વાંદી, ધર્મોપદેશ સાંભળી, સંવેગ-વૈરાગ્ય પામી સર્વ પરિવાર સહિત દિક્ષા લેતો હતો. સાથે શત્રુરાજાએ પણ દિક્ષા લીધી. ॥૧૮૧॥

હે ગૌતમ! એ સમયે ચાર પ્રકારના દેવતા અને દેવી ભાવ સહિત આકાશે દેવદુંદુભિ વગાડતા હતા અને સ્તુતિ કરતા હતા. ॥૧૮૨॥

(તેઓ એમ સ્તુતિ કરતા હતા કે) 'હે જયવંતા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પુરૂષ ! તારા ચરણુકમળને દેવતા પ્રમુખ વાણુવ્યંતસર નમે છે. નિત્ય દુષ્કર એવું જે ચારિત્ર તેં આદર્યું છે. હે મુનિ ! તું રોગ–જરા–મરણુનો હરણુહાર છે, ત્રિજગતના જીવોના રક્ષણુનો કરણુહાર ! તું જયવંત હો. ॥૧૮૩॥

'મુશ્કેલીથી જીતાય એવા મોહ રૂપ સુભટને જીતનાર હે મહાનુભાવ, તું જયવંત હો ! ઘણા ભવ્ય જીવોને નિર્મલ બોધીબીજના દાતાર હે મહાનુભાવ ! તું જયવંત હો ! કામ અને મોહને રમતમાં જીતી લેનાર હે મહાનુભાવ ! તમે વિજયવંત હો ! ॥૧૮૪॥

'સંવર રૂપ રત્નના ઘરમાં રહેનાર ! તું જયવંત હો ! ધર્મ રૂપી વૃક્ષને સિંચવાને જળધર મેઘ સમાન હે મહાશય ! તું વિજયવંત હો ! પિતા–પુત્ર–મિત્રાદિ સર્વ પરિવારના સ્નેહને–રાગને છોડનાર તું વિજયવંત હો ! સમીર રૂપી ધુળ ટાળવામાં સમીર–વાયરા તુલ્ય, સંસાર રૂપ દાવાનળને બુઝવવાને જળ સમાન, માયારૂપ પૃથ્વી તે વિદારવાને તિક્ષ્ણુ હળસમાન હે મુનિ ! તું વિજયવંત હો ! કંચનગિરિ મેરૂસમાન અત્યંત ધીર અને અચલ એવા હે મુનિવર ! તને તથા તારી જનનીને ધન્ય હો !' એવી રીતે મહાનુભાવના ચરણુ–કમળમાં નમીને સુધર્મેન્દ્ર સ્તુતિ કરતો હતો. ॥૧૮૫–૧૮૬–૧૮૭॥

પછી સુર–અસુર પોતાની દેવીઓ સાથે મુનિના ચરણુકમળને નમી વાંદી પોતપોતાના સ્થાનકે જતા હતા. ॥૧૮૮॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જેના ચરણને સુર–અસુરે ભાવ સહિત વાંદ્યા છે એવા તે શીલસન્નાહ મુનિ ભવ્યજીવોને પ્રતિબોધતા થકા ભૂતળ મહીં વિહાર કરતા હતા. ।।૧૮૯।।

તે શીલસન્નાહ ભગવાન અવનવા ક્ષેત્રમાં વિહાર કરતા થકા સૂર્યની પેરે દેશના રૂપી કિરણોથી ભવ્યજીવોનાં હૃદયકમળને વિકસાવતા હતા. ।।૧૯૦।।

હવે શ્રી ગૌતમસ્વામી શ્રી મહાવીર પ્રભુ પ્રત્યે પૂછે છે; 'હે ભગવન્! એ કુંવરે એવું શું કર્યું હતું કે જેથી સુલભબોધી થયો? પૂર્વ ભવે એણે શું કર્યું હતું કે જેથી જાતિસ્મરણ તથા અવધિજ્ઞાન ઉત્પન્ન થયું?' ।।૧૯૧।।

શ્રી મહાવીર પ્રભુ કહેતા હતા: 'હે ગૌતમ! તે શીલસંનાહ પૂર્વભવે સાધુ હતા. તૃણ અને કંચનને સરખા માનનારા તે સાધુ હતા. એકદા અણ ઉપયોગપણે તેમણે વચન દંડનું દુષણ લગાડયું. ।।૧૯૨।।

'તે વારે તે ગુરૂ પાસે જઈ પાપ પ્રકાશી આલોયણ લેઈ–પ્રાયશ્ચિત લેઈ પાપરહિત–શલ્યરહિત થયા. પછી (ફરીથી વચન સંબંધી દુષણ ન લાગે એમ સમજી) મૌનવ્રત આદર્યું. સર્વ સાવદ્ય પાપકર્મના ભય થકી ડરીને મૌનવ્રત સહિત ચારિત્ર પાળી (કાળ સમયે) કાળ કરી મુનિ દેવલોક પામ્યા. ।।૧૯૩।।

'હે ગૌતમ! તે મુનિ દેવલોકમાંથી આવીને શીલસન્નાહ થયા. અને એ સુલભબોધી જીવે સ્વયંબુદ્ધ થઈ સંયમ આદર્યો. ।।૧૯૪।।

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ શીલસન્નાહ આચાર્યે એકદા સમયે પોતાનું આયુષ્ય થોડું જાણી સમેતશિખર પર જવા ધાર્યું. પરિ-વાર સહિત તે તરફ વિહાર કરતા અનુક્રમે ક્ષિતિ-પ્રતિષ્ઠિત નામના નગરમાં (જ્યાં પોતાનો જન્મ થયો હતો. તે નગરમાં) પહોંચ્યા. વનપાલકે રૂપીરાયને વધામણી આપી તેથી તે રાજા પરિવાર સહિત વાંદવા ગયો. ।।૧૯૫-૧૯૬।।

નરનાથ રૂપીરાયે મુનિનાથ શિલસન્નાહાચાર્યને ભક્તિ-પૂર્વક વંદન કર્યા બાદ પોતાની જગા લીધી. બાદ આચાર્ય શ્રી દેશના દેતા હતા. ।।૧૯૭।।

આચાર્ય શ્રી રાજા પ્રત્યે મધુર સ્વરે ફરમાવતા હતા: 'હે રાજન! ઈંદ્રપણું પામવું સુલભ છે અથવા અહમેન્દ્ર-પણું પણ સુલભ છે; તેમજ ચક્રવર્તીપણું પણ સુલભ છે. પણ સંસારસમુદ્રને વિષે શ્રી જિનપ્રણિત ધર્મ પામવો મહાદુર્લભ છે. સદ્ગુરુની સામગ્રી વિના જૈન ધર્મ પામવો મુશ્કેલ છે. ।।૧૯૮।।

'જૈન ધર્મ પામ્યા થકી ઘણા જીવો યથાર્થ દેવ-ગુરુ-ધર્મનું સ્વરૂપ ગુરૂના પ્રસન્ન મુખેથી સાંભળીને સંસાર-સમુદ્ર તણી પાર પામ્યા છે. ।।૧૯૯।।

'અઢાર દોષ રહિત અને ચોત્રીસ 'અતિશય' વડે ભૂષિત એવા શ્રી વીતરાગ દેવ, વળી સાધુ તો પંચમહા-વ્રતધારી-ત્રીશ ગુણેકરી સહિત હોય છે તેજ ગુરૂ જાણવા. ।।૨૦૦।।

'જીવદયા સહિત જે ધર્મ તેને જ ધર્મ જાણવો. એવો ધર્મ સંસાર રૂપ કુપ મધ્યે પડતા પ્રાણીઓને તારણ-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શરણ સમાન છે. એ ધર્મરક્ષાનો કરણહાર એ ધર્મ બે પ્રકારે છે; એક સાધુ ધર્મ અને બીજો શ્રાવક ધર્મ. ॥૨૦૧॥

સાધુધર્મ અથવા યતિધર્મ (સંક્ષેપમાં) આ પ્રમાણે છે. તેણે શત્રુ-મિત્ર પર સમભાવ રાખવાનો છે અને સર્વ સાવદ્ય કર્મથી નિવર્તવાનું છે. આવો યતિનો ઉત્કૃષ્ટ ધર્મ થોડા કાળમાં મુક્તિ પમાડે. ॥૨૦૨॥

'અને **શ્રાવક ધર્મ** આ પ્રમાણે છે: તેણે પાંચ અનુવ્રત, ત્રણ ગુણવ્રત તથા ચાર શિક્ષાવ્રત એમ બાર વ્રત પાળવાનાં છે તથા દાન-શીલ-તપ અને ભાવના આદરવાની છે. આ ધર્મ પણ અનુક્રમે મોક્ષનાં સુખ આપનાર થઈ પડે છે.' ॥૨૦૩॥

એવી રીતની દેશના સાંભળી રાજા પ્રતિબોધ્યો અને કહેતો હવો: હે સ્વામિન્ ભવસમુદ્રમાં ડુબતા આ સેવકને આપના ચરણકમળના પ્રતાપે અતિ દુર્લભ સંપત્તિ મળી. હે સ્વામી! હું જાણું છું કે આ જીવ સંસારને વિષે લપટાઈ રહ્યો છે, ઘણા કષાય વડે બળી જળી રહ્યો છે. તે કષાયને સમાવવાને અર્થે અને સંસારનો પાર પામવાને અર્થે હે મુનિનાથ! મને દિક્ષા આપો.' ॥૨૦૪-૨૦૫॥

ગુરૂવર્ય કહેતા હવા: 'હે રાજન! તે કાર્ય કરવામાં પ્રતિબંધ કરવો ઉચિત નથી.' પછી રાજાએ પ્રધાન તથા સમંત વગેરે ને કહ્યું: 'મને દીક્ષા લેવાની આજ્ઞા આપો અને રાજ્યની ચિંતા તમે રાખજો.' ॥૨૦૬॥

સામંતો તથા પ્રધાને કહ્યું, 'હે નાથ! અમને પણ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આપનો માર્ગ હોજો!' મતલબ કે તેમણે પણ દિક્ષા લેવા ઇચ્છા બતાવી. ॥૨૦૭॥

પછી રૂપીરાજાએ વિધિસહિત સપરિવાર ધામધુમ સાથે દીક્ષા લીધી. લબ્ધીવંત ગુરૂએ દિક્ષા આપી. ॥૨૦૮॥

**'આર્યક્ષેત્ર, મનુષ્યજન્મ, શિક્ષા આદિ સામગ્રી મળવી જે અતિ દુર્લભ છે, તે પામીને તમે લેશ માત્ર પ્રમાદ કરતા ના.'** એમ ગુરૂએ (ગુરૂમંત્રનો) ઉપદેશ કર્યો. ॥૨૦૯॥

તે ફરમાન સાંભળી રૂપી સાધ્વી કહેતી હતી : 'હે પ્રભો! એ વચન 'પ્રમાણ' છે,' પછી 'ગ્રહણા' અને 'આસેવણા' એ બે પ્રકારની શિક્ષા આદરતાં સર્વ સાધુ ગુરૂ સાથે વિહાર કરતા હતા; તેમજ રૂપી સાધ્વી પણ ગુરૂ સાથે વિહાર કરતી હતી. ॥૨૧૦॥

ગુણે કરી મોટા એવા તે શીલસંનાહ આચાર્ય સાથે તેઓ અનુક્રમે વિહાર કરતાં સમેતશિખર પર્વત પર પહોંચ્યા, કે જે પર્વત તરૂગણે કરી આચ્છાદિત થયો છે. ॥૨૧૧॥

તે પર્વતપર સાંપ્રત કાળે (અજીતનાથ આદિ) ૨૦ તીર્થંકર ઘણા ભવનાં સંચેલાં કર્મોને ખપાવી સિદ્ધ પદ પામ્યા હતા, તે પર્વત પર જઈ શ્રી શીલસંનાહ આચાર્ય વગેરે ઉલ્લાસ સહિત શ્રી તીર્થંકરની સ્તવના કરતા હતા: 'દુઃખ અને જન્મ—મરણના ક્ષયના કરણહાર, રાગ—દ્વેષ મોહના ક્ષયના કરણહાર, બોધીબીજના લાભ આપનાર પ્રભો! મને મુક્તિનાં દાતાર થાઓ!' ॥૨૧૨–૨૧૩–૨૧૪॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એવી રીતે જિન દેવની સ્તવના કરી તે મુનિનાથ શીલસંનાહ તે પર્વતના શિખરને વિષે મુનિના પરિવાર સહિત જઈને શુદ્ધ ભૂમિકા પડિલેહીને સંથારો કરવા તત્પર થયા. ॥૨૧૫॥

તે વખતે રૂપી સાધ્વી પણ ગુરૂ પ્રત્યે નમ્રતાપૂર્વક કહેતી હતી; 'હે ભગવાન! મને પણ સંલેહના-સંથારો કરવાનો અવસર છે તે માટે સંથારો કરાવવા કૃપાવંત થશો.' ॥૨૧૬॥

ત્યારે આચાર્યજી તે સાધવી પ્રત્યે કહેતા હતા: 'હે સાધ્વી! પ્રથમ તમે આલોયણા રૂપી જળે કરીને પૂર્વનાં પાપ રૂપ મેલને ધોઈ અર્થાત્ આલોયણાં લઇ, પછી સંથારો કરો. ॥૨૧૭॥

'શુદ્ધ દીવાલપર જે ચિત્ર દોરાય તે રમણીય થાય તેમ શલ્ય રહીત જીવને સંથારો હિતકર થઇ પડે, તેને અનશન હિતકર થઈ પડે. ॥૨૧૮॥

પાપના સેવણહારે કોની પાસે આલોયણા લેવાં? પાપના અણુસેવનહાર, ક્ષમાવાન, વૈરાગ્યવાન, સમ્યક્ પ્રકારે ગુરૂગુણે કરી સહિત હોય એવા પુરુષ પાસે સમ્યક્ પ્રકારે આલોયણારૂપ ભિક્ષા લેવી. ॥૨૧૯॥

૧૦ પ્રકારના દોષો માટે આલોયણા લેવી પડે છે,- કંદર્પ અથવા કામદેવને વશ્ય થઈ કરાયેલા દોષ; પ્રમાદને વશ થઈ કરાયેલા દોષ: ક્ષુધાને લીધે થઇ ગયેલા દોષ,



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અજાણપણે થઈ ગયેલા દોષ, આપદા અથવા વિપત્તિને લીધે થઈ ગયેલા દોષ, કોઈ બાબતની શંકા પડવા છતાં તે કામ કરે તેથી થતાં દોષ, ઉન્મત્તપણે થઈ જતા દોષ, ભવના કારણથી થઈ જતા દોષ દ્વેષને લીધે કરાતા દોષ, અને કોઈ કસોટી કરવા-પરીક્ષા-જોવા અર્થે કરવા પડતા દોષ. ॥૨૨૦-૨૨૧-૨૨૨-૨૨૩॥

આલોયણા લેવાને તત્પર થવા છતાં આલોયણામાં પણ કેટલાક દોષ કરે છે. એવા દોષ ૧૦ પ્રકારે થાય છે; -ક્રોધ લાવીને આલોયણા કરે તે દોષ, અનુમાનથી પ્રાયશ્ચિત લે તે દોષ, જે દોષ બીજાઓના જોવામાં આવી ગયા હોય તેવા દોષનું જ પ્રાયશ્ચિત લે (ગુપ્ત દોષ છુપાવે), ન્હાના દોષોને નિર્માલ્ય ગણી તે દોષો છુપાવી માત્ર મોટા દોષોનું પ્રાયશ્ચિત લે તે દોષ: મોટા દોષો કહેવાથી લઘુતા થશે એમ સમજી માત્ર ન્હાના દોષ જ પ્રકાશે તે દોષ, સમજવામાં બરાબર ન આવે એવી રીતે ગરબડ સરબડ દોષ, 'અમે કેવા પવિત્ર છીએ કે પાપો આળોવીએ છીએ!' એવું દેખાડવાં માટે લોકો સાંભળે તેવી રીતે આળોવે તે દોષ, અગીતાર્થ અથવા પ્રાયશ્ચિતની વિધિ નહિ જાણનાર-પુરૂષ પાસે આળોવે તે દોષ, દોષીત પુરુષ પાસે આલોયાણા લે તે દોષ (દોષીત પુરૂષ પોતેજ દોષીત હોવાથી સામાને યથાયોગ્ય પ્રાયશ્ચિત ન જ આપે. ॥૨૨૪થી૨૨૮॥

આલોયણા દેનાર પુરૂષ ગુણવંત હોવો જોઈએ એમ કહેવાઇ ગયું છે, તો કયા ગુણો તેનામાં હોવા જોઇએ?

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

(૧) જાતિવંત, (૨) કુલવંત, (૩) વિનયવંત, (૪) ક્ષમાવંત, (૫) વૈરાગ્યવંત, (૬) ઇન્દ્રિજીત, (૭) જ્ઞાનવંત (સિદ્ધાંતનો જાણકાર) (૮) દર્શન (સમ્યકત્વ) વંત, (૯) ચારિત્રવંત, (૧૦) ગંભીર અર્થાત કોઇનું રહસ્ય બીજા સમક્ષ જાહેર ન કરે તેવોઃ આટલાં ગુણવાળા પુરૂષ સમક્ષ જ આલોયણા લેવી જોઇએ. ॥૨૨૯॥

પરન્તુ આવી રીતે આલોયણા કોણ લે? જેનામાં ૧૦ ગુણ હોય તે જ પુરૂષ આલોયણા લે. તે ૧૦ ગુણનાં નામ આ પ્રમાણે છે :

(૧) જાતિવંત હોય તે પ્રાયઃ અનાચાર સેવે નહિ અને સેવે તો આલોયણા લઇ પાપરહિત થાય. (૨) કુલવંત હોય તે. ગુરૂ જે આલોયણા આપે તે સ્વીકારે. (૩) જ્ઞાનવંત હોય તે કૃત્યાકૃત્ય સમજે (૪) દર્શનવંત હોય તે કૃત્યાકૃત્ય સર્દહે, કરવા યોગ્ય તે આચરે અને નહિ કરવા યોગ્ય તે પરહરે, (૫) ચારિત્રવંત હોય તે યથાર્થ આલોયણા આચરે, (૬) વિનયવંત, (૭) વૈરાગ્યવંત, (૮) ક્ષમાવંત (૯) ઇન્દ્રયજીત. (૧૦) ભદ્રિક-સરળ સ્વભાવી. ॥૨૩૦-૨૩૧॥

આલોયણાચાર્યમાં નીચેનાં ગુણો હોય છે,-આચારવંત, આધારવંતઃ વ્યવહારવંતઃ ગંભીર, દુર્બળને તેની શક્તિ અનુસાર આલોયણા દે તેવા. ॥૨૩૨॥

ગીતાર્થ એટલે નીશીથ સૂત્ર વગેરેમાં પ્રવિણ, કૃતયોગી અથવા મન, વચન, કાયાના યોગને જેણે શુભ કીધા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હોય તેવા, ચારિત્રવંત અથવા નિરતિચારપણે ચારિત્ર પાળનારાઃ ગ્રહણા-કુશળ એટલે બહુ યુક્તિએ કરીને આલોયણા લેનાર પાસે વિવિધ તપ અંગીકાર કરાવવામાં કુશળ, ખેદજ્ઞ અથવા સમ્યક્ પ્રાયશ્ચિત વિધિમાં પારંગત હોય એવા અવિષાદી અર્થાત્ આલોયણા લેનારનો કોઈ મોટો દોષ સાંભળીને ગુસ્સો ન કરતાં વૈરાગ્ય વચનથી તેને આલોયણા લેવામાં ઉત્સાહી બનાવે એવા, પ્રકૂર્વી અર્થાત્ આલોયણા લેનારની શરમ દૂર થાય એવી રીતે પૂછી પૂછીને આલોયણા આપે તેવા, અપરિશ્રાવિ અર્થાત્ આલોયણા લેનારનું પાપ કોઈને કહી દે નહિ એવા, નિર્વાક એટલે સામા માણસની શક્તિ જોઈને આલોયણા આપે એવા, અપાયદર્શી એટલે 'ખરી અલોયણા ન લે તે બન્ને ભવમાં દુઃખી થાય' એમ સમજાવી આલોયણા આપે તેવા. ॥૨૩૩ થી ૨૩૮॥

પોતાનું શલ્ય કાઢવાને અર્થે એવા ગુરૂની ગવેષણા-ક્ષેત્રથી ૭૦૦ યોજન સુધી અને કાળથી ૧૨વર્ષ સુધી એવા યોગ્ય ગીતાર્થ પુરુષોની ગવેષણા (શોધ) કરે. (પરંતુ યોગ્યતા જોયા સિવાય પાપો ન પ્રકાશે.)

મનુષ્યાવતાર, શુદ્ધ સંયમ અને પંડિત વીર્યનું ફોરવવું એ ચતુરંગી દુર્લભ છે. ॥૨૩૯-૨૪૦॥

જેણે લગાર માત્ર ચારિત્ર ખંડિત કર્યું નથી, વ્રત અંગીકાર કર્યું ત્યારથી નિત્ય સાંગોપાંગપણે પાળ્યું છે તેવા ગુરૂ પાસે આલોયણા લેવી ઘટે છે. લજ્જા તેમજ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અભિમાનને બાજુએ મુકીને (જે પાપ કર્યા હોય તે) તેવા ગુરૂ પાસે પ્રકાશીત કરવાં ઘટે છે. ૫૨૪૧-૨૪૨॥

જેમ એક બાળક પોતે કરેલાં કાર્યાકાર્ય ખુલ્લી રીતે માતા પિતા આગળ પ્રકાશીત કરે છે તેમ, શિષ્યે પોતાનાં પાપો ગુરૂ આગળ માયા કપટ અને આઠ મદ છોડીને આળોવવાં જોઇએ. ॥૨૪૩॥

લઘુ પાપને આળોવી આત્માને આલ્હાદ ઉપજાવે, પાપથી નિવર્ત્તાવે, આર્યપણે શુદ્ધતા કરે, ગુરૂની દુક્કર આજ્ઞા અનુસાર આલોયણા લે, એવી રીતે આત્માને નિઃશલ્ય કરે. ॥૨૪૪॥

આલોયણા લેવાને પ્રવર્તમાન થયેલા જે પ્રાણી જયાં ગુરૂજી બિરાજતા હોય ત્યાં તે લેવાને જાય. તેવામાં માર્ગને વિષે જ કાળ કરે તો પણ આરાધિક કહેવાય. ॥૨૪૫॥

અને તે જીવ જો ગુરૂ પાસે પહોંચીને આત્માના સર્વ દોષ નિશલ્યપણે પ્રકાશે અને ગુરૂએ આપેલ પ્રાયશ્ચિત લઈ તપ કરે તે મુક્તિને વિષે જાય; યા આરાધિકપણે દેવ-લોકમાં દેવતાપણે પણ કેટલાક ઉપજે છે. ॥૨૪૬॥

અને જે જીવ પોતાનાં પાપ સમ્યક પ્રકારે ન પ્રકાશે, ન આલોવે તેને ગુરૂ આદિક આગ્રહપૂર્વક પ્રેરણા કરે, ઘોડાના દૃષ્ટાંતે. ॥૨૪૭॥

(તે ઘોડાનું દૃષ્ટાંત અત્રે આપીએ છીએ :

એક રાજાને સર્વ ગુણથી સંપૂર્ણ ઘોડો હતો તેના પ્રભાવે કરીને રાજાની લક્ષ્મી પ્રતિદિન વધતી જતી હતી ॥૨૪૮॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ રાજાનો શત્રુરાજા પોતાની કચેરીમાં બેઠેલા સર્વ સુભટો તથા ખંડિયા રાજા પ્રત્યે કહેતો હતો–કે અહો ! મારા શત્રુ–રાજાના ઘોડાનું અપહરણ કરી શકે એવો બહાદુર તમારામાં કોઈ છે ?' ।।૨૪૯।।

એ સાંભળી એક માણસે જવાબ આપ્યો કે, 'તે ઘોડાને હંમેશાં લોખંડના પીંજરામાં રાખવામાં આવે છે, તેથી તેનું હરણ કરવા કોઈ સમર્થ નથી, 'પરંતુ એક દુષ્ટ પુરૂષ તે વખતે બોલી ઉઠયો કે : ।।૨૫૦।।

'હે સ્વામિન્ ! તે ઘોડો હું લાવીશ ! અને લાવી નહિ શકું તો મારી આવવા તૈયાર છું.'રાજાએ તેને ઘોડો મારવા મોકલ્યો. તે દુષ્ટ, ઘોડાની જગાએ ગયો પણ તેનું હરણ કરવાનો કોઇ લાગ ન જોયો. ।।૨૫૧।।

પછી તેણે લોહનો કાંટો તીરના મુખે ખોસીને તીર ઘોડા ઉપર છોડયું અને એ રીતે ઘોડાના શરીરમાં તે કાંટો પેસવાથી તે ઘોડો શલ્ય સહિત થયો. ।।૨૫૨।।

શલ્ય સહિત થવાથી ઘોડો પ્રતિદિન સુકાવા લાગ્યો, ખોરાકી મળવા છતાં દુર્બળ થતો ગયો. આ જોઈ રાજાએ વૈદ્યને ઘોડો દેખાડયો. વૈદ્યે તેનાં સર્વ અંગોપાંગ જોયાં. ।।૨૫૩।।

વૈદ્યે તપાસ કરીને કહ્યું કે, એ ઘોડાને ધાતુક્ષયનો રોગ નથી, પણ એના પેટમાં કોઈ ન જાણી શકે એવું શલ્ય છે એમ કહી તેણે ઘોડાને આખે શરીરે લીલી માટીનો લેપ કર્યો. ।।૨૫૪।।

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

લેપ કરતાં જે સ્થળે શલ્ય હતું તે સ્થળે હાથ અટકયો કે તરત ઘોડો ઉછળ્યો, વૈદ્ય સમજ્યો કે તેને તે સ્થળે લોહવિકાર છે તેથી ચમક લાવીને તેના શરીરે ફેરવી કે તરત ઘોડો સાજો થયો. ॥૨૫૫॥

જ્યાં સુધી શલ્ય શરીરમાં છે ત્યાં સુધી તે અશ્વ સંગ્રામમાં ઉતરવા અસમર્થ છે, તેમજ સાધુ શલ્ય ન કહાડે–ન આળોવે તે સાધુ પાપ કર્મ રૂપ શત્રુ જીતવાને અસમર્થ સમજવા. ॥૨૫૬॥

(એવીજ રીતે એક બીજું દષ્ટાંત.)

કુંચીન નામે એક તાપસ ક્ષુધાતુર થયો થકો ફળ લેવા માટે અટવીમાં ગયો હતો. ત્યાં તેણે નદી કીનારે મરેલો મચ્છ દીઠો. ॥૨૫૭॥

ક્ષુધાથી પીડાતા તે તાપસે તે મચ્છ ખાધો, પરંતુ તેનો કાંટો ગળે રહેવાથી પોતે રોગગ્રસ્ત બન્યો, કંઠ બંધ થયો, જળ પણ ગળે ઉતરવાનો રસ્તો રહ્યો નહિ. જ્યારે તે વૈદ્ય પાસે ગયો ત્યારે પૂછયું કે 'આપે શું ખાધું છે?' ॥૨૫૮॥

તાપસે લોકલજ્જાને લીધે મચ્છ સંબંધી વાત ગુપ્ત રાખી. બીજા તાપસોએ ઘણો આગ્રહ કરી ખરી હકીકત પૂછી ત્યારે તેણે કહ્યું કે, 'મેં ફળ ખાધાં છે.' તે તાપસોએ એકઠાં થઈ તેને ઘી પાયું, આથી પેલા બિચારા તાપસને ગળે વેદના ઉલટી વધી. તેનાથી તેને તે વેદનાથી રહ્યું ગયું નહિ. ॥૨૫૯॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ત્યારે બીજા વૈદ્યે પૂછયું. 'હે તાપસ ! તારે જીવ્ય
આશા હોય તો ખરેખરી હકીક્ત કહી દે.' પછી
મચ્છની વાત પ્રકાશી એટલે વૈદ્યે તેને વમન-જુલાબ
ઉપાય કરી શલ્ય રહિત કર્યો. ॥૨૬૦॥

રોગ હાથ લાગતાં જેમ વૈદ્યે તે તાપસને આ
કર્યો તેમજ જે માણસ ગુરૂ પાસે પાપ પ્રકાશે નહિ
સુધી ગુરૂ પણ તેનો ઉદ્ધાર કરવા સમર્થ નથી. તાપસ
પેઠે સાચું કહે તો સુખ પામે, નહિ તો મરણ પા
॥૨૬૧॥

જે સાધુ કે શ્રાવક મનમાં શલ્ય રાખીને આલોય
લે તે ન લીધા બરાબર છે. શલ્ય કહાડયા વગરનો સ
સંસારમાં ઘણાં ભવ ભટકે અને દુઃખ પામે અને શલ
કહાડીને આલોયણા લેનાર સાધુ થોડા કાળમાં શાશ્વત મોક્ષ
સુખ પામે. ॥૨૬૨-૨૬૩॥

મનુષ્ય ભવે શલ્ય કહાડી આલોવવું સોહીલું છે, પણ
પ્રાયશ્ચિત આવે તેવું કામ કરવું જ નહિ. ॥૨૬૪॥

શીલસન્નાહ આચાર્ય કહેતા હતા, 'હે રૂપી સાધ્વી
તું પણ શલ્ય નિવારીને આલોયણ લે. શલ્ય કહાડયા વિ
શુદ્ધ પ્રાયશ્ચિત ન દેવાય. શલ્ય રાખીને ધર્મ કરનાર, પા
રાખીને આલોયણ લેનાર પરભવે પાપ કર્મથી મુકયા મુકા
નહિ. ॥૨૬૫॥

આ સાંભળી રૂપી સાધ્વી પોતાને બાલભાવથી જે કાં
પાપદુષણ લાગેલાં હતાં તે સર્વ સંભારી-સંભારીને આલોવ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

લાગી. પરંતુ પેલું દૃષ્ટિવિકારનું પાપ આલોવ્યું નહિ ।।૨૬૬-૨૬૭।।

ત્યારે ગુરૂએ કહ્યું. હે વત્સ, તું એક પાપ વીસરી જાય છે. તે દિવસે સભા મધ્યે તેં મારા તરફ વિકારી દૃષ્ટિથી જોયાં કર્યું હતું તે પાપ આળોવો. ।।૨૬૮।।

રૂપી સાધ્વીએ જવાબ આપ્યો, 'હે સ્વામિન્! મને તે યાદ છે, પરંતુ મેં આપના સામે કાંઈ **સરાગ દૃષ્ટિએ** જોયું નહોતું. ગુરૂજી! મેં તો આપના શીલની પરીક્ષા જોવા માટે નજર કરી હતી. ।।૨૬૯।।

'તેમ છતાં હે સ્વામિન્! આપ કહેતા હો તો આલોવું. હે પ્રભો! સર્વ પાપ આલોવી નિગ્રંથ થાઉં છું તો એટલો દોષ રાખ્યાનું મને પ્રયોજન છે? 'એમ કહી લોકલજ્જાને લીધે તેણીએ તે પાપ આલોવ્યું નહિ-કપટ મૂક્યું નહિ. ।।૨૭૦।।

આવું વચન સાંભળીને ગુરૂ ચિત્તમાં ચિંતવવા લાગ્યા કે, ધિક્કાર હો સ્રીના સ્વભાવને, કે જે માયા અને કપટથી ભરપુર છે! ।।૨૭૧।।

ગુરૂએ કહ્યું 'અહો ભવ્યો! જુઓ! આ સ્રીએ આટલો કાળ સંયમ પાળ્યો છે અને તીવ્ર તપ કર્યો છે, સર્વ પ્રકારે શુદ્ધ છે, છતાં પણ માયા-કપટ છાંડી શકતી નથી! શુદ્ધ આલોયણા લેતી નથી!' ।।૨૭૨।।

ગુરૂનો ઉપદેશ સર્વ નિરર્થક ગયો. તેણી જે સુત્ર ભણી તે જ્ઞાન પણ કારગત ન નીવડયું. સર્વ પુણ્ય નાશ પામ્યું. ।।૨૭૩।।

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વળી પણ ગુરૂને દયા આવી તેથી એક વધુ દષ્ટાંતથી તેણીને સમજાવવા કોશીશ કરી. તે દષ્ટાંત લક્ષ્મણા નામે આર્યાનું હતું. રાજપુત્રી લક્ષ્મણાએ દિક્ષા લઈને પણ શલ્ય છોડયું નહિ, આલોયણા લીધી નહિ, તેથી ઘણાં દુઃખ પામી. ॥૨૭૪॥

મનથી ચિંતવેલાં પાપો–અતિચાર પ્રકાશીત ન કર્યા. લજ્જા અને અભિમાનને લીધે ગુરૂ આગળ પાપ જાહેર ન કર્યા, આથી, તીવ્ર તપસ્યા કરવા છતાં તેણી પાપથી મુક્ત થઇ નહિ અને સંસારરૂપ અરણ્યમાં ઘણો કાળ પરિભ્રમણ કર્યું. ॥૨૭૫॥

આ સાંભળી રૂપિ સાધ્વી પૂછતી હતી, 'હે પ્રભો! તે લક્ષ્મણા કોણ હતી? અને તેની શી હકીકત છે?' ગુરૂ શીલસન્નાહ આચાર્ય કહેતા હતા 'હે સાધ્વી! લક્ષ્મણા આર્યાનું ચરિત્ર તું એકાગ્ર ચિતે સાંભળ. તે સાંભળવાથી આત્માને વિષે ઘણો વૈરાગ્ય ઉપજશે.' ॥૨૭૬॥

(પછી તેમણે તે ચરિત્ર કહેવું શરૂ કર્યું :–) આ હુંડાવસર્પિણી કાળને વિષે, ચોવીશમા તીર્થંકર જયભૂષણ નામે (૭ હાથ પ્રમાણ શરીરવાળા) વિચરતા હતા. તે વખતે ભરતક્ષેત્રે ચરણપ્રતિષ્ઠિત નામા નગરમાં જંબુદ્દાડિમ નામે રાજા રાજ્ય કરતો હતો. ॥૨૭૭–૨૭૮॥

તે રાજાને રતિમતિ નામે પટરાણી હતી. તેણીને ઘણા પુત્રો હતા પણ એકે પુત્રી ન હતી. પુત્રીની ઇચ્છાથી રાજા રાણીએ કેટલાક ઉપાયો કર્યા. આખરે એક પુત્રીની પ્રાપ્તિ થઇ. ॥૨૭૯॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અત્યંત રૂપવંત તે પુત્રીનું નામ લક્ષ્મણા પાડ્યું. તે યૌવનાસ્થામાં આવતાં રાજાએ એકદા સભા મધ્યે કહ્યું કે, 'અહો! આ કુંવરીને યોગ્ય રૂપ સંપન્ન અને ગુણવંત એવો કોઈ કુમાર પૃથ્વી પર છે?' સામંતાદિકે સલાહ આપી કે, ઈચ્છાવર મળવા માટે સ્વયંવર મંડપ રચાવવો. ॥૨૮૦-૨૮૧-૨૮૨॥

રાજાએ ઘણું ખર્ચ કરી સ્વયંવર મંડપ શુભ મુહુર્તે શુભલગ્ને મંડાવ્યો. સર્વ રાજાને તેડાવ્યા હોવાથી રાજપુત્રો સહર્ષ હાજર થયા. ॥૨૮૩॥

સર્વ કુમારો શણગાર પહેરી સ્વયંવર મંડપમાં પોતપોતાને આસને બિરાજી ગયા. તે પછી લક્ષ્મણા કુંવરી સ્નાન કરી, શ્વેત વસ્ત્ર પહેરી, બાવના ચંદનનો લેપ કરી, પુષ્પમાળા ગળાને વિષે આરોપી, સોળ શણગાર સજી, મસ્તકે છત્ર ધરાવી, ચામર વીંજાવતી, વરમાળા લઈ સર્વ પરિવાર સહિત તે સ્થળે આવી. ॥૨૮૪॥

જંબુદાડિમ રાજાનો એક સેવક તેણીની સાથે ચાલતો થકો સર્વ કુમારોની ઓળખ આપતો હતો. ॥૨૮૫॥

તેણીએ રણપ્રચંડ નામે રાજપુત્ર કે જે રૂપવંત અને ચતુર હતો તેના કંઠમાં માળા આરોપી. તેણી તેને વરી. ॥૨૮૬॥

કુમાર તેણીને મોટા આનંદથી પરણ્યો, પરંતુ કુંવરીના અશુભ કર્મના ઉદયે કરીને તે તરત જ વિશુચિકા રોગથી તે જ સ્થાનકે મરણ પામ્યો. ॥૨૮૭॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આથી વરકન્યાના કુટુંબમાં તથા નગરમાં સર્વત્ર હાહાકાર થઈ રહ્યો. રાજા પ્રમુખ સર્વ લોક રૂદન કરતા હતા. પછી કુમારને અગ્નિસંસ્કાર કર્યો. ॥૨૮૮॥

પોતાની પુત્રીને આક્રંદ કરતી જોઈ રાજાએ તેણીને દિલાસો આપતાં કહ્યું. 'હે પુત્રી ! કાળ આગળ ચક્રવર્તીનું પણ બળ ચાલતું નથી. મોત કોઇનું ટાળ્યું ટળતું નથી, આભની અગ્રે રહેલા જળબિંદુને પડતાં જેમ વાર લાગતી નથી તેમ મનુષ્યના જીવિતવ્યથી વિખુટા પડતાં વાર લાગતી નથી, માટે અસાર સંસારમાં સુખ દુઃખ જે કાંઈ કર્મને ઉદયે આવે તે સહ્યા કરવું.

'હે પુત્રી ! ધીરજ ધરો. કર્મના ઉદયે કરીને દુઃખના નિધાનરૂપ વૈધવ્ય પ્રાપ્ત થયું તે શાન્તપણે સહન કરો. સંતાપ મુકીને નિત્ય વીતરાગ દેવની ભક્તિ કરો. પર્વ તીથીએ તપસ્યા કરો. નિયાણા રહિત સુપાત્રે દાન દ્યો. વૈરાગ્યનાં સૂત્ર ભણો. કુશીલીઆનો સંગ છોડો અને સુખે દિન વ્યતિક્રમો.' ॥૨૮૯ થી ૨૯૨॥

ધર્મરત્નના કરણહાર, વિયોગિની સ્ત્રી, વિધવા નારી તથા આચારી સાધ્વી : એટલાને ધર્મ કરતાં સુખે દિવસ જાય. ॥૨૯૩॥

એમ સમજી રાજાએ તે પુત્રીને જિન માર્ગની વિધિ શીખવવાને અર્થે ડાહ્યા અને ભણાવવામાં કુશળ એવા પુરૂષની નીમણુંક કરી. કુંવરી બાર વ્રત સમ્યક પ્રકારે આદરતી હતી. ॥૨૯૪॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તે સમયે તે નગરને વિષે એકદા જયભૂષણ નામના ચોવીસમા તીર્થંકર સમવસર્યા. દેવતાઓએ પ્રવચનની વિધિએ સમોસરણની રચના કીધી. ॥૨૯૫॥

સિંહાસન પર બિરાજીને પ્રભુ દેવતાઓ તથા મનુષ્યોને ધર્મ પ્રકાશવા લાગ્યા. તે બાબતની વધામણી વનપાલકે રાજાને આપી. ॥૨૯૬॥

એ વધામણીથી પ્રસન્ન થઈ રાજાએ તે વનપાલકને પુષ્કળદ્રવ્ય દઈ સંતોષ્યો અને પછી મોટા આડંબર સાથે સર્વ ઋદ્ધિ સહિત પોતે શ્રી જિનેશ્વરને વાંદવા ચાલ્યા. ॥૨૯૭॥

સમોસરણમાં પ્રવેશ કરીને રાજા વિધિસહિત ત્રણ પ્રદક્ષિણા દઈને પંચાંગ પ્રણિપાત કરવા બે હાથ જોડીને ઉભો. પછી જિનેશ્વરને નમીને-વાંદીને ભાવસહિત બે હાથ જોડીને, જિનની સ્તવના કરવા લાગ્યો. ॥૨૯૮॥

તે એવી રીતે સ્તવના કરતો હતો કે: 'હે પ્રભો! મધુકર અથવા ભમરાને લયલીન કરનાર કમલની માફક દેવ-દાનવ-માનવને પોતાના ચરણ કમલમાં લયલીન કરનાર હે પ્રભો! અમારા મોહરૂપ અંધકારને નિવારવાને આપ સૂર્ય કિરણ સમાન છો. માટે હે દેવ! આપ જયવંત હો! ॥૨૯૯॥

'હે પ્રભો! જેમ ચંદ્રના ઉદયથી સમુદ્રમાં કલ્લોલ થાય છે તેમ હે દેવ! નિર્મળ ગુણરૂપ સાગરમાં આપનાં દર્શનથી કલ્લોલ આવે છે. આપના હાથપગ કમળના દળ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તથા પત્ર સમાન કોમળ છે. ઇંન્દ્રિય રૂપી અશ્વને આપે વશ્ય કર્યાં છે. ॥૩૦૦॥

'હે કરૂણાસાગર! હે દયાના સમુદ્ર! ભવ્યોના સંદેહને છેદવામાં ચક્રધારા સમાન દેવ! આપના હાથ પગનાં તળાં ઉગતા સૂર્યના કિરણ જેવા છે. ॥૩૦૧॥

'લોભ કાષ્ઠને બાળનાર દાવાગ્નીરૂપ હે દેવ! ભવ-ભ્રમણરૂપી વૃક્ષને જડમૂળથી ઉખેડી નાખનાર વાયુ સમાન હે પ્રભો! રાગદ્વેષ રૂપી શત્રુનું બળ ભાંગનાર હે પરાક્રમી પ્રભો! ઘણા કાળ સુધી આપ જયવંત હો! ॥૩૦૨॥

'અનેક નય–ચૌભંગી–ભાંગાવાળા સિદ્ધાંતરૂપી ગંગા નદીને ધરણહાર હે હિમાલય પર્વત! આપ યતિ વર્ગમાં જયવંત હો! અનંત બળના ધારણહાર અને ભવ્યોના જન્મ–જરા–મૃત્યુના નિવારણહાર હે જિન! આપ જયવંત હો! ॥૩૦૩॥

ઘણાં પાપરૂપ કોચ્ચડને વિદારવાને મોટા તીર સમાન હે પ્રભો! મોતીના હાર અને હંસની પાંખ સમાન ઉજ્જ-વળ ચિત્તના માલિક! જળથી ભરપુર જલદ અથવા મેઘના જેવી–ઉપદેશ વખતે ગર્જના કરનાર અને પ્રધાન સંવરરૂપ મંગળ પુષ્પના નિવાસસ્થાનરૂપ હે પ્રભો! આપ જયવંત હો! ॥૩૦૪॥

'ભવ્ય જીવો માટે પક્ષીઓના નિવાસસ્થાન હે વૃક્ષ! વિષયરૂપી સર્પને નિવારનાર હે ગરૂડ! તમે જયવંત હો! ॥૩૦૫॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'કામરૂપી મદોન્મત હાથીનું માન મુકાવનાર હે કેસરી સિંહ! હે રવિબિંબ! જેની પાછળ ભામંડળ ઝળકી રહ્યું છે અને જે મુક્તિપુરીએ જવાની નિસરણી છે તેવા હે પ્રભો! તમે જયવંત હો! ॥૩૦૬॥

'કપટરૂપ ધરતીને વિદારવાને તિક્ષ્ણ હળ સમાન, સંસારરૂપ સમુદ્રને તારવાને વહાણ સમાન હે પ્રભો! સર્વ ઈન્દ્રના સમુહને આપ વાંદવા યોગ્ય છો. હે જિનંદ? સમ્યક પ્રકારે અવિનાશી મોક્ષનાં સુખ મને આપો. ॥૩૦૭॥

એમ સ્તવના કર્યા બાદ સર્વ પરિવાર સહિત ઉચિત સ્થાનકે બેઠો, તેનું એકાગ્ર ચિત્ત જાણી શ્રી જીન વૈરાગ્ય દેશના દેતા હતા. ॥૩૦૮॥

પ્રભુએ (સંક્ષેપમાં) એવી દેશના દીધી કેઃ–'કમળપત્ર પરનું જળ બિંદુ પવન આગળ કેટલી વાર રહી શકશે? પુત્ર–મિત્ર–સ્વજન–પરિવાર સર્વની સ્થિરતા, સર્વનો સંયોગ આખરે દુઃખનો કરણહાર છે. ॥૩૦૯॥

'શક્ર--દેવેન્દ્ર પણ પોતાની નજર આગળ પોતાની સ્રીને મરતી જુએ છે! અપ્સરા પણ મરણ પામે છે.! ઇંદ્રાણીના વિયોગથી સુરલોકને વિષે શોકાનલ ફેલાઈ રહે છે; અંધકારના નાટકની પેઠે ઇંદ્ર સર્વ સુનું દેખે છે. (પણ તે મૃત્યુને રોકી શકતો નથી). ॥૩૧૦–૩૧૧॥

'અરે, આ સંસારમાં ચક્રવર્તીને પણ સુખ નથી. ભોગસામગ્રીની જોગવાઈ છતાં પણ તે દુઃખી છે. કારણ કે પુત્ર, મિત્રાદિનો વિયોગ તો થવાનો જ (અને તજજન્ય દુઃખ પણ થવાનું જ) ॥૩૧૨॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'તો પછી બીજા સામાન્ય પામરનું તો પૂછવું જ શું ? તેઓ તો નિત્ય દુઃખી છે. પોતાના ઉદર રૂપી જે ગુફા તેને ભરવાને જ તેઓ અસમર્થ છે. ॥૩૧૩॥

'માટે ખરેખરૂં સુખ તો સિદ્ધને જ છે; કારણ કે તે સુખ નિરૂપમ અને નિરાબાધ છે. નિર્મળ **ચારિત્ર વડે** તે સુખ પામી શકાય છે.' ॥૩૧૪॥

આવો ઉપદેશ સાંભળી રાજા જંબુલડીમ સંસારથી ભય પામી મોક્ષના સુખનો અભિલાષી થયો. મોટા પુત્રને રાજ્ય ભળાવીને પોતાની લઘુપુત્રી લક્ષ્મણા કુંવરી, પોતાની સ્ત્રી તથા પરિવાર સહિત દિક્ષા લેતો હતો. ॥૩૧૫॥

શ્રી જિનેશ્વરે તે વખતે ફરમાવ્યું : 'હે રાજન! મનુષ્યપણું પામી તમે દુર્લભ એવી દિક્ષા લીધી, તે માટે તમને ધન્યવાદ ઘટે છે. પણ હવે **દિક્ષાને વિષે નિરંતર પ્રમાદ રહિત વિચરજો** ! ॥૩૧૬॥

જિનેશ્વરે એવી હિતશિક્ષા આપ્યા બાદ તેમને આચાર શીખવવા માટે સ્થવિર મુનિને સોંપ્યા અને સાધ્વીને સાધ્વી પાસે રાખ્યા. તેમને ગ્રહણા અને આસેવણા એ બે શિક્ષા શિખવા મુકયા. ॥૩૧૭॥

તે સાધુ–સાધ્વી આચાર શીખવા તત્પર થયા. લક્ષ્મણા સાધ્વી સર્વ આચાર–જ્ઞાન પ્રમુખની જાણકાર થઇ. એક દિવસે તે સાધ્વીને શરીરે 'અસઝાઈ' થઈ. પરંતુ અસઝાઈ છતાં પણ તે સુત્ર ભણતી હતી. તે જોઈ ગુરૂણીએ તેને તેમ કરતાં અટકાવી. પછી ગુરૂણી તથા સર્વ આર્યાઓ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

લક્ષ્મણાને એકલી મુકીને તીર્થંકરને વાંદવા ગયાં. લક્ષ્મણાના કર્મ ઉદયે કરીને તેણીએ પોતાની સન્મુખ ચકલા–ચકલીને મૈથુન સેવતાં દીઠાં ।।૩૧૮-૩૧૯।।

તે પક્ષીઓની કામક્રિડા જોઈને તે સાધ્વીના લક્ષણ ભંગ થયાં, પાપકર્મના ઉદયે કરીને તેણીએ મનમાં ચિંતવ્યું કે,—આ ચકલીએ શું સુકૃત્ય કીધાં હશે કે જેથી પોતાના ભર્થાર સાથે સ્વેચ્છા મુજબ નિરંતર અનેક પ્રકારના સુખવિલાસ ભોગવવા પામે છે. એમને વિલાસમાં જોઇને મને પણ એવો જ હર્ષ થાય છે. ।।૩૨૦-૩૨૧-૩૨૨।।

'સાધુ-સાધ્વીને પક્ષીનું મૈથુન જોવાની જિનેશ્વરે મના કરેલી છે. પણ તે કેમ મના ન કરે ? વીતરાગને તો વેદવિકાર સર્વ ક્ષય થયા છે તેથી તે સવેદી જીવનાં દુઃખ ન જ જાણે, અર્થાત વેદાવકાર સહિત એવાં સામાન્ય મનુષ્યોને ભોગવિલાસ ન મળવાથી થતાં દુઃખો, જેને વેદવિકાર જ નથી એવા વીતરાગ શા માટે જાણે ? ।।૩૨૭

વળી પાછા ક્ષણેક રહીને તેણીને સદભાવના થઇ કે : 'અહો ! ધિક્કા છે મને કે મેં આવા કુતર્ક કર્યાં ! મૈથુન જોવાથી મારો સંયમ લૂંટાયો. તીર્થંકરે જે નિષેધ કર્યો છે, તે ઉચિત જ છે. હું કે જેણે આજ પર્યંત કોઈ દિવસ સ્વપ્નમાં પણ પરપુરુષનું ચિંતન કર્યું નથી તેણે આજે પક્ષીનું મૈથુન જોવાથી શ્રી જિનેશ્વરની આશાતના કરી. અહો, આજે મેં કેવુ મહાન પાપ ચિંતવ્યું ? અહો,



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ધન્ય છે તે સાધુ-સાધ્વીને કે જે કારણ બનવા છતાં પણ વિષયનું ચિંતવન કરતાં નથી. ક્ષોભ પામતા નથી અને ધિક્કાર છે મને પાપીનીને કે જેણે પક્ષીનો વિષય દેખીને મનને પાપ કર્મમાં ખરડ્યું. આજ સુધી હું સતીના વર્ગમાં ગણાતી; હવે હું પક્ષીનાં ભોગ જોઇને કુશીલપણાના પાપે કરીને બંધાણી. દષ્ટિવિષયથી લાગેલુ પાપ હવે હુ નિવારીને શુદ્ધ થાઉં તો કેવું સારૂ !' ॥૩૨૪ થી ૩૩૦॥

વળી પાછું તેણીએ વિચાર્યું: 'પણ જો યથાતથ્ય દોષ પ્રગટ કરીશ તો લોકો મને કુશીલણી કહેશે. હુ મારા માબાપ પાસે શુ મોં દેખાડીશ?' ॥૩૩૧॥

વળી વિચાર્યું : 'પરન્તુ જો હું ગુરૂ સમક્ષ યથાર્થ રીતે પાપ પ્રકાશુ નહિ તો મારા શલ્ય શી રીતે નીકળશે? આત્મા શુદ્ધ કેમ કરી થશે? એક તરફ વાઘ અને બીજી તરફનાં ભરપૂર નદી. એ બે વચ્ચે આવી પડેલા મનુષ્ય જેવી મારી દશા છે.' ॥૩૩૨॥

'અથવા એ મનનું ચિંતવ્યું પાપ મનથી જ આળોવું તો શું ખોટું?' એમ ચિંતવીને ઉઠી. વળી વિચાર્યું કે: 'ગુરૂને કહ્યા વગર તે પાપરૂપ શલ્ય કેમ દૂર થાય?' પાછી તે ગુરૂ પાસે જવા ઉઠી. ॥૩૩૩॥

ઉપાશ્રય બહાર નીકળતામાં જ એક તીવ્ર કાંટો તેણીના પગમાં ભોંકાણો. તેથી તે નીચે બેઠી અને મનમાં વિચારવા લાગી: 'અહો ! આ માઠું થાય છે, હું શલ્ય

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

1908045



કઢાડવા જાઉં છું અને આ તો શલ્ય ભોંકાય છે! અરે! આ શુદ્ધ ભૂમિમાં કાંટો કયાંથી? હું આ પાપ-કર્મે જડાણી તો માથે વીજળી કાં નથી પડતી? અથવા ધુળની વૃષ્ટિ કાં નથી થતી? એવા પાપથી ખરડાયેલું મારું હૈયું ફાટી કેમ નથી જતુ?' ।।૩૩૪-૩૩૫।।

માનરૂપી પર્વત તળે દબાયેલી તે સાધ્વીએ વળી વિચાર્યું કે: હું સર્વ પ્રકારે શીલ ગુણે કરી સંયુક્ત છું. તો એ દષ્ટિવિકાર-કર્મનો અતિચાર ગુરુ આગળ શું પ્રકાશું? જો થોડુ એ શલ્યરૂપી પાપ નહિ કહું તો પાપ ટળશે નહિં અને જો કહું છું તો લોકમાં લઘુતા થાય છે.' ।।૩૩૬-૩૩૭।।

વળી તેણે એમ વિચાર્યું કે (પોતે અમુક દોષ કરેલો છે એમ ન જણાવતાં; કોઈ માણસથી અમુક દોષ થાય તો શું પ્રાયશ્ચિત આવે એમ પૂછીને જે પ્રમાણે પ્રભુ ફરમાવે તે પ્રમાણે પ્રાયશ્ચિત અંગિકાર કરવું. ।।૩૩૮-૩૩૯।।

છેવટે ગુરૂને પૂછવાનું મોકુફ રાખી પોતાની મેળેજ ઘોર ઉગ્ર તપસ્યા તે કરવા લાગી. છઠ-અઠમ-દશમ-દ્વાદશ-આયંબીલ એવો તપ ૧૪ વર્ષ સુધી કર્યો. વળી બે વર્ષ તો છઠ-અઠમને પારણે બે ચણા ખાઈને રહી. ૧૬ વર્ષ માસખમણ નિરંતર કર્યા ૨૦ વર્ષ સુધી નિત્ય આયંબીલ. એમ ૫૦ વર્ષ સુધી તપસ્યા કરી તો પણ **લક્ષ્મણા સાધ્વી શલ્ય રહિત થઇ નહિં.** ।।૩૪૦-૩૪૧।

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આવશ્યક-પ્રતિક્રમણ આદિ ક્રિયા તે કર્યા કરતી. સાહસિકપણે ગુરુને પૂછયા વગર જ તેણે તપ કીધો. પણ કર્યા પછી તેણીને વિચાર થયો કે, 'અહો ! મેં ફોગટ તપ કર્યો ! લગ.ર પણ શલ્ય કાઢયા વગરના તપથી શું વળ્યુ ? ધિક્ક છે શલ્ય સહિત મારા હૈયાને ! મારી આગળ શી ગતિ થશે ? ॥૩૪૨-૩૪૩-૩૪૪॥

આ પ્રમાણે આર્ત-રૌદ્ર ધ્યાન ધ્યાતી તે સાધ્વી કાળને અવસરે કાળ કરીને એક વેશ્યાની દાસીની કુક્ષીએ પુત્રી પણે ઉપની. ॥૩૪૫॥

તે દાસીપુત્રી ઘણીજ રૂપવંત હોવાથી ગણિકાની પુત્રીની કોઈ કામી પુરૂષ દરકાર નહિ કરતો. આથી ગણિકા-પુત્રીએ તેને કાઢી મૂકવા ધાર્યું. વળી તેણીએ વિચાર્યું કે કાઢી મુકીશ તો બીજે ઠેકાણે ઘણા-કામીઓને વશ કરશે. કારણ કે દાસીપુત્રી વિનયગુણે કરી સહીત છે. વિનય-વંત સર્વત્ર પુજાય છે.) ॥૩૪૬ થી ૩૪૭॥

વિનય વગરનો ફૂટ વચન બોલનાર માણુસ સર્વને દુઃખદાઈ થઈ પડે. વેશ્યાએ ચિંતવ્યું કે દાસીપુત્રી (જેનું નામ 'ખડોષ્ટી' હતું)ના કાન હોઠ કાપું. પરંતુ તે જ ખંડોષ્ટીને ઉઘમાં કોઈ પૂર્વના સંબંધી દેવે સ્વપ્નમાં ચેતવણી આપી તેથી તેણી જાગીને ભયભીત થઈ અને પ્રભાતમાં નાસી ગઇ. ॥૩૪૮ થી ૩૫૧॥

છ માસ સુધી વનમાં ભટકયા પછી તેણી સંખેડા નામે નગરમાં આવી, જયાં એક ધનાઢય શાહુકારના પુત્રે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેણીને દીઠી અને પોતાના ઘેર લાવી કુમારિકા જાણી પરણ્યો. પરંતુ આ શાહુકારપુત્રની જૂની સ્ત્રી આ કન્યાની ઘણી ઇર્ષા કરવા લાગી. તે તેણીનાં છિદ્ર શોધવા લાગી. ।।૩૫૨-૩૫૩।।

એકદા આ ખંડોષ્ટીને પલંગમાં સૂતેલી જોઈને શોકયે દુષ્ટ ધ્યાને કરી ચુલામાં લોખંડની કોશ ખૂબ તપાવી અને આર્તરૌદ્ર ધ્યાન ધ્યાતા એમ ચિંતવ્યું કે તે ધખધખતી કોશ હવે હું ખંડોષ્ટીના ગુહ્ય સ્થાનમાં પ્રવેશ કરાવુ; જેથી તે કોઈના સુખમાં અંતરાય આપનારી ન થઈ શકે. એમ ચિંતવીને તે નસકોરાં બોલાવતી કન્યાનાં કપડાં ખસેડી ગુહ્ય સ્થાનમાં તે તપેલી કોશ પ્રક્ષેપી. જેથી અતિ વેદનાએ કરીને ખંડોષ્ટી તત્કાળ તરફડીયાં મારતી મરણ પામી. આ પછી તેણીએ બીજા અનેક ભવ સંસારમાં ભ્રમણ કર્યું. ।।૩૫૪ થી ૩૫૭।।

પછી ખંડોષ્ટીના મૃત શરીરની શી વ્યવસ્થા કરવી એ બાબતમાં વિચાર કરીને તેણીની શોકયે તે મૃત શરીરના ટુકડા કરી શ્વાન-વાયસને ખવરાવી દીધાં. ।।૩૫૮।।

કેટલેક વખતે તેણીનો પતિ ગ્રામાંતરથી ઘેર આવ્યો. તેણે આ હકીકત જાણી તેથી ચિત્તમાં વૈરાગ્ય પામ્યો. તેણે મન સાથે ગોષ્ઠિ કરી: 'અહો ધિક્ક છે આ સંસારને વિષે લુબ્ધ થયેલા જીવને! વિપરીત કામ જોવા છતાં પણ હું સંસાર છોડી નથી શકતો તો બીજાની શી વાત કરવી? ધન્ય છે તે પવિત્ર પુરૂષોને કે જેઓ વિષયનાં સુખ છોડીને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સદા કાળ સાધુપણું અંગિકાર કરી વિચરે છે.' એમ ચિંતવતો થકો સર્વ ધન તથા કુટુંબ છોડી તે શેઠનો પુત્ર સાધુ પાસે ગયો. ॥૩૫૯—૩૬૦--૩૬૧॥

સાધુને ભક્તિપૂર્વક વંદન કરી તે તેમની સમક્ષ બેઠો અને પોતાના ઘરનો હેવાલ જાહેર કર્યો. ક્ષમાના સાગર જેવા મુનિવર સમિપે તેણે પછી દિક્ષા લીધી. ॥૩૬૨॥

દિક્ષા લઈને તપસંયુક્ત સંયમ પાળવા લાગ્યો. નિષ્કલંક દિક્ષા પાળી, ચારિત્ર આરાધી, કર્મો ખપાવી કૈવલ્ય પ્રાપ્ત કરી અનુક્રમે મોક્ષગામી થયો. ॥૩૬૩॥

(પણ તે લક્ષ્મણા સાધ્વીનાં જીવનું શું થયું ?) તેણી સંસારમાં પરિભ્રમણ કરતી અકામ નિર્જરાએ કરીને કોઈ ચક્રવર્તીના ઘેર સ્ત્રી રત્ન પણે ઉપની. ॥૩૬૪॥

ત્યાંથી મરીને છઠી નરકને વિષે નારકી પણે ઉપની. ત્યાંથી આવીને શ્વાનપણે તે જીવ ઉપન્યો. એ ભવમાં કુતરી સાથે ભોગ ભોગવતી વખતે તેને કોઈ ગોવાળીએ જોવાથી ગુહ્ય સ્થાનકે બાણ માર્યું જેથી ત્યાં કીડા પડયા; આખરે વેદનાથી મરણ પામ્યો. તેથી વેશ્યાની પુત્રી પાસે તે જીવ ઉપજ્યો. ॥૩૬૫-૩૬૬॥

ત્યાં તે ગર્ભમાં જ મરણ પામીને કોઈ ભિક્ષુકના ઘેર પુત્રપણે તે જીવ ઉપજ્યો. તેની મા બે માસમાં જ મરણ પામવાથી બીજી સ્ત્રીએ તેને ધવરાવી જીવાડયો અને પછી રબારીને સોંપ્યો. તે ગાયનું દુધ પીને મોટો થયો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અહીં પણ નિર્દયપણે ઘણાં કર્મ બાંધીને કાળને સમયે કાળ કરીને મરણ પામીને ક્રોડા ક્રોડ ભવ સુધી સંસાર મધ્યે પરિભ્રમણ કર્યું. ॥૩૬૭ થી ૩૭૦॥

મનુષ્યપણામાં પણ ધન નહિ મળવાથી ક્ષુધા–તૃષા–વેદના સહન કરતો, વધ–બંધનાદિ દુઃખ પામતો. ॥૩૭૧॥

તેથી અકાળ મૃત્યુ પામી બ્રાહ્મણ થયો. અજ્ઞાન બાલ કષ્ટે કરી કુહડી દેવીપણે ઉપજ્યો. ત્યાંથી મરી વળી વિપ્ર થયો. તેથી અજ્ઞાન કષ્ટે કરીને ચામુંડા દેવીપણે ઉપન્યો. ત્યાંથી બીલાડો થયો અને ત્યાંથી નરકે ગયો ॥૩૭૨॥

પછી ૭ ભવ પાડાના કર્યા, પછી દરિદ્રી મનુષ્ય અને પછી જળચર (મચ્છ) થયો. પછી પહેલી નરકે ગયો. વળી ડાકિનીરૂપે ઉપન્યો. તેથી તે જીવ છઠ્ઠી નરકે ગયો. તેથી કોઢી પુરુષપણે ઉપની અનેક પાપો કરી સાતમી નરકે ગયો. પછી વિંધ્યાચળની અટવીમાં ગાય પણે તે જીવ ઉપન્યો. લોકોનાં ખળાં ખેતરમાં બગાડ કરતી તે ગાયને લોકોએ એકઠા મળીને તળાવના કાદવમાં નાખી, જ્યાં કાગડા અને જળોએ તેને બહુ દુઃખ આપી મારી નાખી. તેથી મારવાડમાં દ્રષ્ટિવિષ સર્પરૂપે અવતરી. અનેક પાપો કરી પાંચમી નરકે ઉપજ્યો. તેથી ચારે ગતિને વિષે અનેક ભવ કર્યા. ॥૩૭૩ થી ૩૭૬॥

આખરે શ્રેણિક રાજાનો જીવ પદ્મનાભ નામે પ્રથમ તીર્થંકર થશે તે વખતે પેલો જીવ કોઈ દરીદ્રીના ઘેર કુલટી અને દુર્ગંધી પુત્રીપણે ઉપજશે. તે પુત્રી તેના

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

માબાપને પણ નહિ ગમે. ગામ તેને ગધેડે બેસાડીને ગામની બહાર કહાડશે, તેના મો ઉપર કાજળવગેરે ચોપડીને, નગારાની સાથે ગામમાં ફેરવાને જંગલમાં મૂકી આવશે. ત્યાં તે સુતી હશે, એવામાં એકદા તેને નાભી મધ્યે છછુંદરી કરડશે. તેથી તેનું આખું અંગ સડી જશે. તેથી અત્યંત દુઃખ પામશે. તેવામાં તે અટવીમા પદ્મનાભ નામે તીર્થંકર પધારશે. પ્રભુ તો સર્વ ભવ્ય જીવોના સમગ્ર દુઃખ ટાળવા સમર્થ છે. જયા જયાં તેઓશ્રી વિચરે છે. ત્યાં સર્વ જીવોના ભય અને રોગ ક્ષણમા નાશ પામે છે. તેમનાં દર્શનથી તે કુબડીના રોગ મટી શાન્તિ થશે. એ પ્રત્યક્ષ ચમત્કાર જોઈ તેણી બૂઝશે અને પૂર્વકૃત દુષ્કર્મ પૂછશે. વૈરાગ્ય પામી દિક્ષા લેશે સઘળાં પાપો આળોવી નિઃશલ્યપણે તીવ્ર તપ કરી ચારિત્ર પાળી ક્ષપકશ્રેણીએ ચડી કર્મ ખપાવશે અને આખરે આ પ્રમાણે તે લક્ષ્મણા સાધ્વીનો જીવ કૈવલ્ય પ્રાપ્ત કરી મોક્ષગામી થશે. ॥૩૭૭ થી ૩૮૦॥

શીલસન્નાહ આચાર્ય, રૂપી સાધ્વી પ્રત્યે કહેતા હતા: 'હે સાધ્વી ! જે થોડો પણ ભાવસહિત શલ્ય લજ્જા ગારવે-ભયે કરી નહિ આલોવે તે લક્ષ્મણા સાધ્વીની પેરે દુઃખને પામશે. માટે હે વત્સે ! સર્વ દૃષ્ટિ-વિકાર પાપ આલોવો, પાપ આલોવીને પોતના આત્માને સદ્ગતિને વિષે સ્થાપો. તીવ્ર તપ સંયમની પાલનહારી એવી તું શલ્ય વિકાર રાખીને દુર્ગતિમાં જશે. જેમ આંધળા આગળ નાટક નિષ્ફળ છે તેમ પાપ આલોવ્યા સિવાયનું તારૂં ચારિત્ર તથા તપ નિષ્ફળ છે ।

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઘણા કાળ સુધી ધમીને શોધેલું સુવર્ણ એક કુંકે ઉડાડી દે એવું મૂર્ખ કોણ હોય! કાચને માટે ચિંતામણી રત્ન હારી જાય એવું મૂર્ખ કોણ હોય? ચિંતામણિ રત્નને હાથમાં લઈ નાખીદે એવું મૂર્ખ કોણ હોય? હે મૂર્ખ! એવા ચિંતામણિ રત્નથી પણ વધુ કિંમતી તપ, ચારિત્ર થોડા માટે તુ ગુમાવે છે.' ॥૩૮૬ થી ૩૯૧॥

શીલસન્નાહ આચાર્ય બોલી રહ્યા ત્યારે રૂપી સાધ્વીએ જવાબ આપ્યો: 'હે ભગવન! આપની સમક્ષ જુઠું કહેવાની હિંમત કોણ કરી શકે? આખો સમુદ્ર તર્યા પછી ગોપદ માત્ર જળ મધ્યે ડુબે એવું મૂર્ખ કોણ હોય? આપે આટલી આટલી શિખામણ આપી છતાં પોતાનો શલ્ય (જો હોય તો)ન કહે તે મનુષ્ય મહા મૂર્ખ જ ગણાય.' ॥૩૯૨-૩૯૩॥

નિવડ માયાને વશ્ય થઈને રૂપી સાધ્વી કહેતી હવી: 'હે સ્વામિન્! આપ રાજસભામાં આવ્યા તે વખતે મેં આપની તરફ જોયુ એ વાત તો ખરી, પરતુ મેં કાંઈ સરાગ દૃષ્ટિએ—વિકાર-દૃષ્ટિએ જોયું નહેતું. આપનું નામ શીલસન્નાહ છે અર્થાત્ (શીલનું બખતર પહેરનાર) એવો આપના નામનો શબ્દાર્થ છે તો આપનામાં શીલ ગુણ કેવોક છે તે જોવા માટે અર્થાત્ પરીક્ષા કરવા માટે મેં આપની તરફ જોયું હતું. ॥૩૯૪-૩૯૫॥

તે આર્યાએ પછી શલ્ય સહિત સંથારો કર્યો અને કાળ સમયે કાળ કરીને (માયા કપટને પ્રભાવે) સ્ત્રીવેદ ઉપાર્જન કર્યો. ત્યાથી આવીને ભવનપતિની ચોથી નિકાય

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિજ્જુ કુમારને વિષે કોઈ દેવતાની દેવી તરીકે જન્મ લીધો. ॥૩૯૬॥

તેથી કાળ કર્યા પછી કોઈ દરિદ્રના કુળમાં દુર્ભાગિની કન્યા તરીકે જન્મ લીધો. યૌવાનાવસ્થા પ્રાપ્ત થતાં પણ કોઈએ તેને અંગીકાર કરી નહી, તેથી દુઃખી થઈ કાળ કરી તિર્યંચ પંચેંદ્રિયપણે ઉપની. ॥૩૯૭-૩૯૮॥

એમ કોઈ ગતિમાં છેદાતી ભેદાતી, કોઈ ગતિમાં બળદપણે ભાર વહન કરતી, ક્ષુધા—તૃષા સહન કરતી એવા અનેક ભવ કરતી સંસારમાં ભટકી (પણ નરકને વિષે ગઈ નથી.) ॥૩૯૯॥

એમ રૂપી સાધ્વી તરીકેના ભવથી માંડીને ૯૯૯૭ ભવ સુધી સંસારમાં પરિભ્રમણ કર્યું. પછી ચક્રવર્તી જેવું સુખ ભોગવી સંસાર દુઃખ વિલાસ જોઈ વૈરાગ્ય આવવાથી દીક્ષા અંગીકાર કરી, ખરા મનથી ધર્મ આરાધી જ્ઞાન ભણી, શાસ્ત્રોક્ત ક્રિયા કરી, શુભ ધ્યાને કાળ કરીને ઇન્દ્રની અગ્રમહિષી ઇંદ્રાણી થઈ. પૂર્વની માયાકપટને લીધે સ્ત્રી વેદ પામી. ॥૪૦૦-૪૦૧॥

ત્યાંથી આવીને શંખુક ગામને વિષે ગોવિંદ બ્રાહ્મણના ઘેર સ્ત્રીપણે ઉપની. ત્યાં પુત્રનું વચન સાંભળી જાતસ્મરણ જ્ઞાને કરીને પુર્વ ભવ દીઠો અને વૈરાગ્ય આવવાથી દિક્ષા લીધી. ઉગ્ર તપવડે કર્મ ક્ષય કરી કૈવલ્ય પામી મોક્ષ ગતિ પ્રાપ્ત કરી. ॥૪૦૨॥

હવે શ્રી ગૌતમઋષિં શ્રી મહાવીરદેવ પ્રત્યે પૂછતાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હતાઃ 'હે ભગવન! તે રૂપી સાધ્વીના જીવે સાધ્વી તરીકે ચારિત્ર પાળ્યા છતાં સાત આઠ ભવથી વધારે ભવસુધી સંસાર ભ્રમણ કરવું પડ્યુ, તેનું કારણ શું ?' ॥૪૦૩॥

ભગવાને જવાબ આપ્યોઃ 'હે ગૌતમ! રૂપી સાધ્વીને ભવે તે શીલસન્નાહ આચાર્યે શલ્યના સમ્બન્ધમાં ઘણો ઉપદેશ દીધો તો પણ તેણીએ લાખ ભવ કર્યા અને ઘણું દુઃખ સહ્યું. જો તે ભવમાં માયા ન કરત, શલ્ય ન રાખત તો તે જ ભવે મોક્ષ જાત થોડે કાળે સિદ્ધિ વરત.' ॥૪૦૪-૪૦૫॥

ભગવાને ફરમાવ્યું કે, જે જીવ રૂપી સાધ્વીનું ચરિત્ર સાંભળીને માયાશલ્ય નહિ છોડે તે ઘોર સંસારમાં પરિભ્રમણ કરશે. જેમ દહીમાં માખણ સાર છે, જેમ ભાલામાં સાર પદાર્થ તેની અણી છે; તેમ જૈન ધર્મમાં સાર પદાર્થ 'શલ્યરહિત થવાપણું' છે. ॥૪૦૬-૪૦૭॥

તે શીલસન્નાહ આચાર્યે પછી જિન આગળ આ જન્મનાં પાપો આળોવી સંથારાની જગા જોઈ-પુંજી, સ્થંડીલ ભૂમિકા પ્રમાર્જી સાધુ ગુણે સહિત પૂર્વ તરફ પલાઠી વાળી સંથારો કર્યો. ॥૪૦૮-૪૦૯॥

તેઓ પંચપદની સ્તુતિ કરતા હતા. 'ત્રણ ભુવનના પૂજનીક એવા શ્રી અર્હિંત દેવને નમસ્કાર હો! સર્વ કાર્ય સિદ્ધ કરનાર સિદ્ધ ભગવાનને નમસ્કાર થાઓ! શિષ્ય ગણને વાચનાં દેવામાં સમર્થ એવા ઉપાધ્યાયને નમસ્કાર હો! સમભાવે આત્માને ભાવીને મોક્ષમાર્ગની સાધના કરનાર સાધુજીને નમસ્કાર હો' ॥૪૧૦-૪૧૧॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પછી ચાર આહારનાં પ્રત્યાખ્યાન કર્યાં. ચાર કષાય-રૂપ મેલનો ત્યાગ કર્યો. ચાર શરણાં અંગિકાર કર્યાં. સર્વ જીવાયોનીને ખમાવીને અને સર્વ સાધુ સહિત એક મ સનો સંથારો કરી કૈવલ પામી, સર્વ પરિવારસહિત મોક્ષને પામ્યા. ॥૪૧૨-૪૧૩॥

પછી શ્રી ગૌતમ સ્વામીના પૂછવાથી શ્રી મહાવીર સ્વામીએ કથા આગળ ચલાવી કે, તે સૂર્યસિરિ કન્યા ગોવિંદ વિપ્રના પરિવાર સાથે જતી હતી તેને ગોરસ વેચનારી આહીરણીએ પકડીને અટકાવી અને કહ્યું કે મારૂં ગોરસ ખાઈને મૂલ્ય દીધા વિના ક્યાં જાય છે તારી બાઈએ જે ચોખા દેવાનુ કહ્યું છે તે લીધા પહેલાં હું તને જવા દઈશ નહિ ॥૪૧૪-૪૧૬॥

બ્રાહ્મણકન્યા સૂર્યસિરિ કહેવા લાગીઃ 'મૂલ્ય આપવા હું અસમર્થ છુ.' આ સાંભળી તે આહીરણીએ તેને કહ્યુ, 'જો તું અસમર્થ હો તો ચાલ મારી સાથે, ત્યાં વિનીત થઈ રહેવાથી પુત્રીવત્ દહી દૂધ વગેરે સર્વ ચીજથી હું તને તૃપ્ત કરીશ.' આ સાંભળી તેણી તે ભરવાડણને ઘેર ગઇ અને તેના પુત્રીવત્ રહેવા લાગી. દુધ દહી વગેરે સર્વ સરસ આહાર જમવાથી તેણી અત્યંત રૂપવંત થઈ, અનુક્રમે તેણીનું યૌવન સંપૂર્ણ ખીલ્યું ॥૪૧૭-૪૧૮॥

આ સમયે દુષ્કાળ મટી સર્વત્ર સુકાળ વ્યાપ્યો હતો. સૂર્યશંલ કે જે પોતાની પુત્રી સૂર્યસિરિને વેચીને પરદેશ ગયો હતો તે ઘણુ દ્રવ્ય એકઠું કરી સ્વજન વર્ગને મળવા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

માટે સ્વદેશ તરફ આવવા નીકળ્યો. ચાલતાં ચાલતાં તે પેલા આહીરને ગામ આવી પહોંચ્યો. ભોજન પ્રાપ્તિ અર્થે ગામમાં ફરતાં ફરતાં તે તે જ આહીરને ઘેર આવી પહોંચ્યો. કે જે આહીર સૂર્યસિરિને પુત્રીવત્ પાળતો હતો. અહીં તે ધનાઢય બ્રાહ્મણ સંપૂર્ણ યૌવનાવસ્થાને પામેલી સૂર્યસિરિને જોઈને કામાતુર બન્યો અને તેણીને કહેવા લાગ્યો. 'હે ભદ્રે ! તારાં માબાપ જો તારાથી મારૂં લગ્ન કરાવે તો હું તને સુવર્ણનાં આભૂષણો આપવા ઉપરાંત તારાં માબાપને ઘણું દ્રવ્ય આપું અને સ્વજન પરિવારને જમાડું. ॥૪૧૯-૪૨૩॥

તે કુમારીકાએ સઘળી હકીક્ત પોતાના માની લીધેલાં માબાપને સંભળાવી. તે સાંભળી આહીરે તે વિપ્રને કહ્યુ, 'કયાં છે તારૂં ધન, અમને તે જોવા દે.' વિપ્રે પાંચ રત્ન કાઢી બતાવ્યાં ત્યારે આહીરે કહ્યું 'એ પાંચ પાંચીકે શું થાય ?' ॥૪૨૪-૪૨૫॥

પછી વિપ્રે કહ્યું : 'તમે તે રત્નની કીંમત સમજી નહિ શકો, માટે મારી સાથે શહેરમાં ચાલો.' પછી સર્વ આહીરને લઈને તે નગરમાં વસતા ઝવેરીઓએ તે રત્નને બહુ કીંમતી જાણી રત્ન સાથે તેઓ તેના માલીકને રાજા પાસે લઈ ગયા. રાજા તે વ્યાપારીઓને મૂલ્ય પૂછવા લાગ્યો. વેપારીઓ કહે,-આમાંના એક રત્નની કીંમત કહેવા અમે અસમર્થ છીએ તો, પાંચ રત્નની કીંમત શી રીતે કહી જાય ? ॥૪૨૬-૪૨૯॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ત્યારે રાજાએ વિપ્રને જ પૂછયું, 'હે ભદ્ર! એનું શું મૂલ્ય અમારે તમને આપવું?' બ્રાહ્મણ બોલ્યો: 'આપ નામદાર પ્રસન્ન થઈને જે આપો તે મારે કબુલ છે.' ॥૪૩૦॥

પછી રાજાએ બ્રાહ્મણને દસ કરોડ દ્રવ્ય આપ્યું. વળી તે ઉપરાંત વિપ્રના માગવાથી ગોકુળ ગામ કે જ્યાં પેલો આહીર રહેતો અને જ્યાંની ગાયો વીસ ગાઉ સુધીમાં ચરતી હતી તે વીસ ગામ જેટલી જમીન પણ તેને આપવામાં આવી. પછી તે વિપ્ર આહીરના ગામમાં આવી સૂર્યસિરિને પરણ્યો અને એશઆરામમાં રહેવા લાગ્યો. ॥૪૩૧–૪૩૩॥

તે મુઢ સ્ત્રી–પુરુષ વિષયાસક્ત થઈ ઘણાં વર્ષ સુધી સંસાર ભોગવતાં હતા, તેના પરિણામે સ્ત્રી ગર્ભવતી થઈ. ॥૪૩૪॥

એક વખતે ગામમાં બે જૈન મુનિ શુદ્ધ ગોચરીને અર્થે આવી પહોંચ્યાં અને તે વિપ્રને ઘેર ગયા. સૂર્યસિરિ સાધુને દેખી હર્ષ પામી આહાર લેવા ઉઠે છે. તે જોઈ સાધુ તેને સગર્ભા જાણી પાછા વળ્યા. ॥૪૩૫॥

તેથી તે સ્ત્રી રૂદન કરવા લાગી, તે જોઈ તેનો પતિ રડવાનું કારણ પૂછવા લાગ્યો 'સ્ત્રીએ જવાબ આપ્યો, પૂર્વે મારા પિતાએ મને ગોવીંદ વિપ્રને ઘેર વેચી હતી તે વખતે ઘણા મુનિ ત્યાં આહારને અર્થે પધારતા તેમને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તે બ્રાહ્મણી વિવિધ પ્રકારનાં શુદ્ધ ખાનપાન પંચાંગ પ્રણમીને આપતી, તે આજે મને યાદ આવ્યું, તેથી હું પણ દાન દેવા ઉઠી પરંતુ સાધુએ તે દાન સ્વીકાર્યું નહિ તેથી મને રૂદન આવ્યું.' ॥૪૩૬-૪૩૮॥

આ સાંભળી સૂર્યશીલને વ્હેમ પડયો. વધારે ખુલાસા માટે તેણે પૂછ્યું: 'તારી શેઠાણી તે બ્રાહ્મણી કોણ હતી?'

જવાબમાં તેણીએ પોતાનો સર્વ ઇતિહાસ કહ્યો, જે સાંભળીને વિપ્રને ખાત્રી થઈ કે તેને જવાબ આપનારી સ્ત્રી તે પોતાની પુત્રી જ હતી. ॥૪૩૯॥

હવે તે સુર્યશીલ બ્રાહ્મણ મનમાં ચિંતવવા લાગ્યો: 'અહો, ધિક્ક છે મને કે મેં આવું ઘોર પાપ કર્યું. પૂર્વના કોઈ કેવાએ અઘોર પાપના ઉદયે કરીને હું પોતાની પુત્રીને જ પરણ્યો હવે હું આ પાપથી ખરડાયેલા શરીરને જાજ્વલ્યમાન અગ્નિ મધ્ય હોમીશ, કે, જેથી તે પાવન થાય. હવે હું કાતરવડે આ શરીરના તીલતીલ જેટલા કકડા કરીશ. અથવા ઉંચા પર્વતપર ચડીને ઝંપાપાત કરીશ. અથવા ઘણા પુરૂષો પાસે લોખડના ઘણવડે તે ટીપાવીશ. અથવા તીખ્ખી કરવત કરી કાષ્ટની માફક તે શરીરને છેદાવીશ. ત્રાંબુ ગાળીને તે ધગધગતો રસ પીશ. અથવા શરીરના ટુકડેટુકડા કરી-છુંદાવી-તે ઉપર ખાર ભરાવીશ. અથવા જીવતો પાણીમાં બુડી મરીશ અને મારા શરીરને મગરનો ભક્ષ બનાવીશ. ॥૪૪૦-૪૪૬॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એવા એવા કષ્ટ-મરણ ચીંતવીને છેવટે તે એવા ઠરાવપર આવ્યો કે, બળતા અગ્નિ વિના મારા પાપને બાળવા કોઈ સમર્થ નથી, માટે તેમ કરવાનો ઠરાવ કરી ગામલોકને એકઠા કરી ખુલ્લા દીલથી કહેવા લાગ્યો: 'અહો લોકો! પોતાની પુત્રી સાથે પરણનાર મુજ દુષ્ટ તરફ નજર કરો. મારા સરખો પાપી ત્રણ ભુવનને વિષે તમે કદી સાંભળ્યો હતો? પિતાની ફરજ છે કે પુત્રીને યોગ્ય ઉમરે સમાન કુળ જોઈને પરણાવે. તે ફરજ મેં અદા કરી નહિ અને લોભ વશ થઈને બ્રાહ્મણને ઘેર તે કન્યાને વેચી અને આખરે હું જ તેણીને પરણ્યો. અહો લોકો! પાપ-રૂપી કાદવથી ખરડાયેલું આ મારૂં શરીર અગ્નિ વિના પાવન થઈ શકે તેમ છે નહિ. માટે તમે બધા મળીને મને તેનું પ્રાયશ્ચિત આપો.' ॥૪૪૭-૪૫૪॥

પછી નદી કીનારે કાષ્ટની એક મોટી ચીતા ગોઠવવામાં આવી, તે ઉપર બેસીને તે વિપ્ર પોતાનાં પાપ પ્રકાશતો હતો તથા આત્માને નિંદતો હતો. લોકો પાસે શળ તથા ઘી સીંચાવીને અગ્નિ પ્રદિપ્ત કરાવતો હતો. પરંતુ આશ્ચર્યની વાત એ બની કે, તે વિપ્રના શરીરે જ્વાલા મુદ્દલ સ્પર્શ કરી શકી નહિ. ॥૪૫૫-૪૫૬॥

તે જોઈ ગામલોક કહેવા લાગ્યા કે: 'શત્રુ-મિત્ર ઉપર સમભાવ રાખનાર અગ્નિ પણ જેનો સ્પર્શ કરવા ખુશી નથી એવો આ વિપ્ર ખરે જ મહા પાપી છે' ॥૪૫૭॥

એમ કહી તેને ધિક્કારી તેની સ્ત્રી સહિત ગામ બહાર કાઢયો. ॥૪૫૮॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

લક્ષ્મણાને એકલી મુકીને તીર્થંકરને વાંદવા ગયાં. લક્ષ્મણાના કર્મ ઉદયે કરીને તેણીએ પોતાની સન્મુખ ચકલા-ચકલીને મૈથુન સેવતાં દીઠાં ॥૩૧૮-૩૧૯॥

તે પક્ષીઓની કામક્રિડા જોઈને તે સાધ્વીના લક્ષણ ભંગ થયાં, પાપકર્મના ઉદયે કરીને તેણીએ મનમાં ચિંતવ્યું કે,-આ ચકલીએ શું સુકૃત્ય કીધાં હશે કે જેથી પોતાના ભર્થાર સાથે સ્વેચ્છા મુજબ નિરંતર અનેક પ્રકારના સુખવિલાસ ભોગવવા પામે છે. એમને વિલાસમાં જોઇને મને પણ એવો જ હર્ષ થાય છે. ॥૩૨૦-૩૨૧-૩૨૨॥

'સાધુ-સાધ્વીને પક્ષીનું મૈથુન જોવાની જિનેશ્વરે મના કરેલી છે. પણ તે કેમ મના ન કરે? વીતરાગને તો વેદવિકાર સર્વ ક્ષય થયા છે તેથી તે સવેદી જીવનાં દુઃખ ન જ જાણે, અર્થાત વેદવિકાર સહિત એવાં સામાન્ય મનુષ્યોને ભોગવિલાસ ન મળવાથી થતાં દુઃખો, જેને વેદવિકાર જ નથી એવા વીતરાગ શા માટે જાણે? ॥૩૨૭

વળી પાછા ક્ષણેક રહીને તેણીને સદભાવના થઇ કે: 'અહો! ધિક્ક છે મને કે મેં આવા કુતર્ક કર્યા! મૈથુન જોવાથી મારો સંયમ લૂંટાયો. તીર્થંકરે જે નિષેધ કર્યો છે, તે ઉચિત જ છે. હું કે જેણે આજ પર્યંત કોઈ દિવસ સ્વપ્નમાં પણ પરપુરુષનું ચિંતન કર્યું નથી તેણે આજે પક્ષીનું મૈથુન જોવાથી શ્રી જિનેશ્વરની આશાતના કરી. અહો, આજે મેં કેવુ મહાન પાપ ચિંત્વ્યું! અહો,


P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ધન્ય છે તે સાધુ–સાધ્વીને કે જે કારણ બનવા છતાં પણ વિષયનું ચિન્તવન કરતાં નથી. ક્ષોભ પામતા નથી અને ધિક્ક છે મને પાપીનીને કે જેણે પક્ષીનો વિષય દેખીને મનને પાપ કર્મમાં ખરડયું. આજ સુધી હુ સતીના વર્ગમાં ગણાતી; હવે હું પક્ષીનાં ભોગ જોઇને કુશીલપણાના પાપે કરીને બંધાણી. દૃષ્ટિવિષયથી લાગેલુ પાપ હવે હુ નિવારીને શુદ્ધ થાઉં તો કેવું સારૂ !' ॥૩૨૪ થી ૩૩૦॥

વળી પાછું તેણીએ વિચાર્યું : 'પણ જો યથાતથ્ય દોષ પ્રગટ કરીશ તો લોકો મને કુશીલણી કહેશે. હુ મારા માબાપ પાસે શું મોં દેખાડીશ ?' ॥૩૩૧॥

વળી વિચાર્યું : 'પરન્તુ જો હું ગુરૂ સમક્ષ યથાર્થ રીતે પાપ પ્રકાશુ નહિ તો મારા શલ્ય શી રીતે નીકળશે ? આત્મા શુદ્ધ કેમ કરી થશે ? એક તરફ વાઘ અને બીજી તરફનાં ભરપૂર નદી. એ બે વચ્ચે આવી પડેલા મનુષ્ય જેવી મારી દશા છે.' ॥૩૩૨॥

'અથવા એ મનનું ચિંતવ્યું પાપ મનથી જ આળોવું તો શું ખોટું ?' એમ ચિંતવીને ઉઠી. વળી વિચાર્યું કે : 'ગુરૂને કહ્યા વગર તે પાપરૂપ શલ્ય કેમ દૂર થાય ?' પાછી તે ગુરૂ પાસે જવા ઉઠી. ॥૩૩૩॥

ઉપાશ્રય બહાર નીકળતામાં જ એક તીવ્ર કાંટો તેણીના પગમાં ભોંકાણો, તેથી તે નીચે બેઠી અને મનમાં વિચારવા લાગી: 'અહે ! આ માઠું થાય છે, હું શલ્ય

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કહાડવા જાઉં છું અને આ તો શલ્ય ભોંકાય છે! અરે! આ શુદ્ધ ભુમિમાં કાંટો કયાંથી? હું આ પાપ-કર્મે જડાણી તો માથે વીજળી કાં નથી પડતી? અથવા ધુળની વૃષ્ટિ કાં નથી થતા? એવા પાપથી ખરડાયેલું મારુ હૈયું ફાટી કેમ નથી જતુ?' ॥૩૩૪-૩૩૫॥

માનરૂપી પર્વત તળે દબાયેલી તે સાધ્વીએ વળી વિચાર્યું કે: હું સર્વ પ્રકારે શીલ ગુણે કરી સંયુક્ત છું. તો એ દૃષ્ટિવિકાર-કર્મનો અતિચાર ગુરુ આગળ શું પ્રકાશું? જો થોડુ એ શલ્યરૂપી પાપ નહિ કહું તો પાપ ટળશે નહિં અને જો કહું છું તો લોકમાં લઘુતા થાય છે.' ॥૩૩૬-૩૩૭॥

વળી તેણે એમ વિચાર્યું કે (પોતે અમુક દોષ કરેલો છે એમ ન જણાવતાં) કોઈ માણસથી અમુક દોષ થાય તો શું પ્રાયશ્ચિત આવે એમ પુછીને જે પ્રમાણે પ્રભુ ફરમાવે તે પ્રમાણે પ્રાયશ્ચિત અંગિકાર કરવું. ॥૩૩૮-૩૩૯॥

છેવટે ગુરૂને પૂછવાનું મોકુફ રાખી પોતાની મેળેજ ઘોર ઉગ્ર તપસ્યા તે કરવા લાગી. છઠ-અઠમ-દશમ-દ્વાદશ -આયંબીલ એવો તપ ૧૪ વર્ષ સુધી કર્યો. વળી બે વર્ષ તો છઠ-અઠમને પારણે બે ચણા ખાઈને રહી. ૧૬ વર્ષ માસખમણ નિરંતર કર્યા. ૨૦ વર્ષ સુધી નિત્ય આયંબીલ. એમ ૫૦ વર્ષ સુધી તપસ્યા કરી તો પણ **લક્ષ્મણા સાધ્વી શલ્ય રહિત થઇ નહિં**. ॥૩૪૦-૩૪૧॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આવશ્યક-પ્રતિક્રમણ આદિ ક્રિયા તે કર્યા કરતી. સાહસિકપણે ગુરુને પૂછયા વગર જ તેણે તપ કીધો. પણ કર્યા પછી તેણીને વિચાર થયો કે, 'અહો ! મેં ફોગટ તપ કર્યો ! લગર પણ શલ્ય કાઢયા વગરના તપથી શું વળ્યુ ? ધિક્ક છે શલ્ય સહિત મારા હૈયાને ! મારી આગળ શી ગતિ થશે ? ॥૩૪૨-૩૪૩-૩૪૪॥

આ પ્રમાણે આર્ત-રૌદ્ર ધ્યાન ધ્યાતી તે સાધ્વી કાળને અવસરે કાળ કરીને એક વેશ્યાની દાસીની કુક્ષીએ પુત્રી પણે ઉપની. ॥૩૪૫॥

તે દાસીપુત્રી ઘણીજ રૂપવંત હોવાથી ગણિકાની પુત્રીની કોઈ કામી પુરૂષ દરકાર નહિ કરતો. આથી ગણિકા-પુત્રીએ તેને કાઢી મૂકવા ધાર્યું. વળી તેણીએ વિચાર્યું કે કાઢી મુકીશ તો બાજે ઠેકાણે ઘણા-કામીઓને વશ કરશે. કારણ કે દાસીપુત્રી વિનયગુણે કરી સહીત છે. (વિનય-વંત સર્વત્ર પૂજાય છે.) ॥૩૪૬ થી ૩૪૭॥

વિનય વગરનો કૂટ વચન બોલનાર માણસ સર્વને દુઃખદાઈ થઈ પડે. વેશ્યાએ ચિંતવ્યું કે દાસીપુત્રી (જેનું નામ 'ખડોષ્ટી' હતું)ના કાન હોઠ કાપું. પરંતુ તે જ ખંડોષ્ટીને ઉંઘમાં કોઈ પૂર્વના સંબંધી દેવે સ્વપ્નમાં ચેતવણી આપી તેથી તેણી જાગીને ભયભીત થઈ અને પ્રભાતમાં નાસી ગઈ. ॥૩૪૮ થી ૩૫૧॥

છ માસ સુધી વનમાં ભટકયા પછી તેણી સંખેડા નામે નગરમાં આવી, જ્યાં એક ધનાઢય શાહુકારના પુત્રે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેણીને દીઠી અને પોતાના ઘેર લાવી કુમારિકા જાણી પરણ્યો. પરંતુ આ શાહુકારપુત્રની જૂની સ્ત્રી આ કન્યાની ઘણી ઈર્ષા કરવા લાગી. તે તેણીનાં છિદ્ર શોધવા લાગી. ।।૩૫૨-૩૫૩।।

એકદા આ ખંડોષ્ટીને પલંગમાં સૂતેલી જોઈને શોકયે દુષ્ટ ધ્યાને કરી ચુલામાં લોખંડની કોશ ખૂબ તપાવી અને આર્તરૌદ્ર ધ્યાન ધ્યાતા એમ ચિંતવ્યું કે તે ધખધખતી કોશ હવે હું ખંડોષ્ટીના ગુહ્ય સ્થાનમાં પ્રવેશ કરાવું; જેથી તે કોઈના સુખમાં અંતરાય આપનારી ન થઈ શકે. એમ ચિંતવીને તે નસકોરાં બોલાવતી કન્યાનાં કપડાં ખસેડી ગુહ્ય સ્થાનમાં તે તપેલી કોશ પ્રક્ષેપી. જેથી અતિ વેદનાએ કરીને ખંડોષ્ટી તત્કાળ તરફડીયાં મારતી મરણ પામી. આ પછી તેણીએ બીજા અનેક ભવ સંસારમાં ભ્રમણ કર્યું. ।।૩૫૪ થી ૩૫૭।।

પછી ખંડોષ્ટીના મૃત શરીરની શી વ્યવસ્થા કરવી એ બાબતમાં વિચાર કરીને તેણીની શોકયે તે મૃત શરીરના ટુકડા કરી શ્વાન-વાયસને ખવરાવી દીધાં. ।।૩૫૮।।

કેટલેક વખતે તેણીનો પતિ ગ્રામાંતરથી ઘેર આવ્યો. તેણે આ હકીકત જાણી તેથી ચિત્તમાં વૈરાગ્ય પામ્યો. તેણે મન સાથે ગોષ્ઠિ કરી: 'અહો ધિક્કાર છે આ સંસારને વિષે લુબ્ધ થયેલા જીવને! વિપરીત કામ જોવા છતાં પણ હું સંસાર છોડી નથી શકતો તો બીજાની શી વાત કરવી? ધન્ય છે તે પવિત્ર પુરૂષોને કે જેઓ વિષયનાં સુખ છોડીને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સદા કાળ સાધુપણું અંગિકાર કરી વિચરે છે.' એમ ચિંતવતો થકો સર્વ ધન તથા કુટુંબ છોડી તે શેઠનો પુત્ર સાધુ પાસે ગયો. ॥૩૫૯—૩૬૦--૩૬૧॥

સાધુને ભક્તિપૂર્વક વંદન કરી તે તેમની સમક્ષ બેઠો અને પોતાના ઘરનો હેવાલ જાહેર કર્યો. ક્ષમાના સાગર જેવા મુનિવર સમિપે તેણે પછી દિક્ષા લીધી. ॥૩૬૨॥

દિક્ષા લઈને તપસંયુક્ત સંયમ પાળવા લાગ્યો. નિષ્કલંક દિક્ષા પાળી, ચારિત્ર આરાધી, કર્મો ખપાવી કૈવલ્ય પ્રાપ્ત કરી અનુક્રમે મોક્ષગામી થયો. ॥૩૬૩॥

(પણ તે લક્ષ્મણા સાધ્વીનાં જીવનું શું થયું ?) તેણી સંસારમાં પરિભ્રમણ કરતી અકામ નિર્જરાએ કરીને કોઈ ચક્રવર્તીના ઘેર સ્ત્રી રત્ન પણે ઉપની. ॥૩૬૪॥

ત્યાંથી મરીને છઠી નરકને વિષે નારકી પણે ઉપની. ત્યાંથી આવીને શ્વાનપણે તે જીવ ઉપન્યો. એ ભવમાં કુતરી સાથે ભોગ ભોગવતી વખતે તેને કોઈ ગોવાળીએ જોવાથી ગુહ્ય સ્થાનકે બાણ માર્યું જેથી ત્યાં કીડા પડયા; આખરે વેદનાથી મરણ પામ્યો. તેથી વેશ્યાની પુત્રી પાસે તે જીવ ઉપજ્યો. ॥૩૬૫-૩૬૬॥

ત્યાં તે ગર્ભમાં જ મરણ પામીને કોઈ ભિક્ષુકના ઘેર પુત્રપણે તે જીવ ઉપજ્યો. તેની મા બે માસમાં જ મરણ પામવાથી બીજી સ્ત્રીએ તેને ધવરાવી જીવાડયો અને પછી રબારીને સોંપ્યો. તે ગાયનું દુધ પીને મોટો થયો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અહીં પણ નિર્દયપણે ઘણાં કર્મ બાંધીને કાળને સમયે કાળ કરીને મરણ પામીને ક્રોડા ક્રોડ ભવ સુધી સંસાર મધ્યે પરિભ્રમણ કર્યું. ॥૩૬૭ થી ૩૭૦॥

મનુષ્યપણામાં પણ ધન નહિ મળવાથી ક્ષુધા–તૃષા–વેદના સહન કરતો, વધ–બંધનાદિ દુઃખ પામતો. ॥૩૭૧॥

તેથી અકાળ મૃત્યુ પામી બ્રાહ્મણ થયો. અજ્ઞાન બાલ કષ્ટે કરી કુહડી દેવીપણે ઉપજ્યો. ત્યાંથી મરી વળી વિપ્ર થયો. તેથી અજ્ઞાન કષ્ટે કરીને ચામુંડા દેવીપણે ઉપન્યો. ત્યાંથી બીલાડો થયો અને ત્યાંથી નરકે ગયો. ॥૩૭૨॥

પછી ૭ ભવ પાડાના કર્યા, પછી દરિદ્રી મનુષ્ય અને પછી જળચર (મચ્છ) થયો. પછી પહેલી નરકે ગયો. વળી ડાકિનીરૂપે ઉપન્યો. તેથી તે જીવ છઠ્ઠી નરકે ગયો. તેથી કોઢી પુરુષપણે ઉપની અનેક પાપો કરી સાતમી નરકે ગયો. પછી વિંધ્યાચળની અટવીમાં ગાય પણે તે જીવ ઉપન્યો. લોકોનાં ખળાં ખેતરમાં બગાડ કરતી તે ગાયને લોકોએ એકઠા મળીને તળાવના કાદવમાં નાખી, જ્યાં કાગડા અને જળોએ તેને બહુ દુઃખ આપી મારી નાખી. તેથી મારવાડમાં દ્રષ્ટિવિષ સર્પરૂપે અવતરી. અનેક પાપો કરી પાંચમી નરકે ઉપજ્યો. તેથી ચારે ગતિને વિષે અનેક ભવ કર્યા. ॥૩૭૩ થી ૩૭૬॥

આખરે શ્રેણિક રાજાનો જીવ પદ્મનાભ નામે પ્રથમ તીર્થંકર થશે તે વખતે પેલો જીવ કોઇ દરીદ્રીના ઘેર કુલટી અને દુર્ગંધી પુત્રીપણે ઉપજશે. તે પુત્રી તેના

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

માબાપને પણ નહિ ગમે. ગામ તેને ગધેડે બેસાડીને ગામની બહાર કહાડશે, તેના મોં ઉપર કાજળગેરૂ ચોપડીને, નગારાની સાથે ગામમાં ફેરવીને જંગલમાં મુકી આવશે. ત્યાં તે સુતી હશે, એવામાં એકદા તેને નાભી મધ્યે છછુંદરી કરડશે. તેથી તેનું આખું અંગ સડી જશે. તેથી અત્યંત દુઃખ પામશે. તેવામાં તે અટવીમા પદ્મનાભ નામે તીર્થંકર પધારશે. પ્રભુ તો સર્વ ભવ્ય જીવોના સમગ્ર દુઃખ ટાળવા સમર્થ છે. જ્યાં જ્યાં તેઓશ્રી વિચરે છે. ત્યાં સર્વ જીવોના ભય અને રોગ ક્ષણમા નાશ પામે છે. તેમનાં દર્શનથી તે કુબડીના રોગ મટી શાન્તિ થશે. એ પ્રત્યક્ષ ચમત્કાર જોઈ તેણી બુઝશે અને પૂર્વકૃત દુષ્કર્મ પૂછશે. વૈરાગ્ય પામી દિક્ષા લેશે. સઘળાં પાપો આળોવી નિઃશલ્યપણે તીવ્ર તપ કરી ચારિત્ર પાળી ક્ષપકશ્રેણીએ ચડી કર્મ ખપાવશે અને આખરે આ પ્રમાણે તે લક્ષ્મણા સાધ્વીનો જીવ કૈવલ્ય પ્રાપ્ત કરી મોક્ષગામી થશે. ॥૩૭૭ થી ૩૮૧॥

શીલસન્નાહ આચાર્ય, રૂપી સાધ્વી પ્રત્યે કહેતા હતા: 'હે સાધ્વી ! જે થોડો પણ ભાવસહિત શલ્ય લજ્જા ગારવે-ભયે કરી નહિ આલોવે તે લક્ષ્મણા સાધ્વીની પેરે દુઃખને પામશે. માટે હે વત્સે ! સર્વ દૃષ્ટિ-વિકાર પાપ આલોવો, પાપ આલોવીને પોતના આત્માને સદગતિને વિષે સ્થાપો. તીવ્ર તપ સંયમની પાલનહારી એવી તું શલ્ય વિકાર રાખીને દુર્ગતિમાં જશે. જેમ આંધળા આગળ નાટક નિષ્ફળ છે તેમ પાપ આલોવ્યા સિવાયનું તારૂં ચારિત્ર તથા તપ નિષ્ફળ છે !

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઘણા કાળ સુધી ધમીને શોધેલું સુવર્ણ એક ફુંકે ઉડાડી દે એવું મૂર્ખ કેણુ હોય! કાચને માટે ચિંતામણી રત્ન હારી જાય એવું મૂર્ખ કોણ હોય ચિંતામણિ રત્નને હાથમાં લઈ નાખીદે એવુ મૂર્ખ કોણ હોય? હે મૂર્ખ! એવા ચિંતામણિ રત્નથી પણ વધુ કિંમતી તપ, ચારિત્ર થોડા માટે તુ ગુમાવે છે.' ॥૩૮૯ થી ૩૯૧॥

શીલસન્નાહ આચાર્ય બોલી રહ્યા ત્યારે રૂપી સાધ્વીએ જવાબ આપ્યો: 'હે ભગવન! આપની સમક્ષ જુઠું કહેવાની હિંમત કોણ કરી શકે? આખો સમુદ્ર તર્યા પછી ગોપદ માત્ર જળ મધ્યે ડુબે એવું મૂર્ખ કોણ હોય? આપે આટલી આટલી શિખામણ આપી છતાં પોતાનો શલ્ય (જો હોય તો)ન કહે તે મનુષ્ય મહા મૂર્ખ જ ગણાય.' ॥૩૯૨-૩૯૩॥

નિવડ માયાને વશ્ય થઈને રૂપી સાધ્વી કહેતી હવી: 'હે સ્વામિન્! આપ રાજસભામાં આવ્યા તે વખતે મેં આપની તરફ જોયુ એ વાત તો ખરી, પરતુ મેં કાંઈ સરાગ દૃષ્ટિએ—વિકાર-દૃષ્ટિએ જોયું નહેતું. આપનું નામ શીલસન્નાહ છે અર્થાત્ (શીલનું બખતર પહેરનાર) એવો આપના નામનો શબ્દાર્થ છે તો આપનામાં શીલ ગુણ કેવોક છે તે જોવા માટે અર્થાત્ પરીક્ષા કરવા માટે મેં આપની તરફ જોયું હતું. ॥૩૯૪-૩૯૫॥

તે આર્યાએ પછી શલ્ય સહિત સંથારો કર્યો અને કાળ સમયે કાળ કરીને (માયા કપટને પ્રભાવે) સ્ત્રીવેદ ઉપાર્જન કર્યો. ત્યાથી આવીને ભવનપતિની ચોથી નિકાય

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિજ્જુ કુમારને વિષે કોઈ દેવતાની દેવી તરીકે જન્મ લીધો. ॥૩૯૬॥

તેથી કાળ કર્યા પછી કોઈ દરિદ્રના કુળમાં દુર્ભાગિની કન્યા તરીકે જન્મ લીધો. યૌવાનાવસ્થા પ્રાપ્ત થતાં પણ કોઈએ તેને અંગીકાર કરી નહી, તેથી દુઃખી થઈ કાળ કરી તિર્યંચ પંચેંદ્રિયપણે ઉપની. ॥૩૯૭-૩૯૮॥

એમ કોઈ ગતિમાં છેદાતી ભેદાતી, કોઈ ગતિમાં બળદપણે ભાર વહન કરતી, ક્ષુધા—તૃષા સહન કરતી એવા અનેક ભવ કરતી સંસારમાં ભટકી (પણ નરકને વિષે ગઈ નથી.) ॥૩૯૯॥

એમ રૂપી સાધ્વી તરીકેના ભવથી માંડીને ૯૯૯૭ ભવ સુધી સંસારમાં પરિભ્રમણ કર્યું. પછી ચક્રવર્તી જેવું સુખ ભોગવી સંસાર દુઃખ વિલાસ જોઈ વૈરાગ્ય આવવાથી દીક્ષા અંગીકાર કરી, ખરા મનથી ધર્મ આરાધી જ્ઞાન ભણી, શાસ્ત્રોક્ત ક્રિયા કરી, શુભ ધ્યાને કાળ કરીને ઇન્દ્રની અગ્રમહિષી ઇંદ્રાણી થઈ. પૂર્વની માંયાકપટને લીધે સ્ત્રી વેદ પામી. ॥૪૦૦-૪૦૧॥

ત્યાંથી આવીને શંખુક ગામને વિષે ગોવિંદ બ્રાહ્મણના ઘેર સ્ત્રીપણે ઉપની. ત્યા પુત્રનું વચન સાંભળી જાતસ્મરણ જ્ઞાને કરીને પુર્વ ભવ દીઠો અને વૈરાગ્ય આવવાથી દિક્ષા લીધી. ઉગ્ર તપવડે કર્મ ક્ષય કરી કૈવલ્ય પામી મોક્ષ ગતિ પ્રાપ્ત કરી. ॥૪૦૨॥

હવે શ્રી ગૌતમઋષિ શ્રી મહાવીરદેવ પ્રત્યે પૂછતાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હતાઃ 'હે ભગવન! તે રૂપી સાધ્વીના જીવે સાધ્વી તરીકે ચારિત્ર પાળ્યા છતાં સાત આઠ ભવથી વધારે ભવસુધી સંસાર ભ્રમણ કરવું પડ્યુ, તેનું કારણ શું?' ॥૪૦૩.॥

ભગવાને જવાબ આપ્યોઃ 'હે ગૌતમ! રૂપી સાધ્વીને ભવે તે શીલસન્નાહ આચાર્યે શલ્યના સમ્બન્ધમાં ઘણો ઉપદેશ દીધો તો પણ તેણીએ લાખ ભવ કર્યા અને ઘણું દુઃખ સહ્યું. જો તે ભવમાં માયા ન કરત, શલ્ય ન રાખત તો તે જ ભવે મોક્ષ જાત થોડે કાળે સિદ્ધિ વરત.' ॥૪૦૪-૪૦૫॥

ભગવાને ફરમાવ્યું કે, જે જીવ રૂપી સાધ્વીનું ચરિત્ર સાંભળીને માયાશલ્ય નહિ છોડે. તે ઘોર સંસારમાં પરિભ્રમણ કરશે. જેમ દહીમાં માખણ સાર છે, જેમ ભાલામાં સાર પદાર્થ તેની અણી છે; તેમ જૈન ધર્મમાં સાર પદાર્થ 'શલ્યરહિત થવાપણું' છે. ॥૪૦૬-૪૦૭॥

તે શીલસન્નાહ આચાર્યે પછી જિન આગળ આ જન્મનાં પાપો આળોવી સંથારાની જગા જોઈ-પુંજી, સ્થંડીલ ભૂમિકા પ્રમાર્જી સાધુ ગુણે સહિત પૂર્વ તરફ પલાઠી વાળી સંથારો કર્યો. ॥૪૦૮-૪૦૯॥

તેઓ પંચપદની સ્તુતિ કરતા હતા. 'ત્રણ ભુવનના પૂજનીક એવા શ્રી અર્હિંત દેવને નમસ્કાર હો! સર્વ કાર્ય સિદ્ધ કરનાર સિદ્ધ ભગવાનને નમસ્કાર થાઓ! શિષ્ય ગણને વાચનાં દેવામાં સમર્થ એવા ઉપાધ્યાયને નમસ્કાર હો! સમભાવે આત્માને ભાવીને મોક્ષમાર્ગની સાધના કરનાર સાધુજીને નમસ્કાર હો' ॥૪૧૦-૪૧૧॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પછી ચાર આહારનાં પ્રત્યાખ્યાન કર્યાં. ચાર કષાયરૂપ મેલનો ત્યાગ કર્યો. ચાર શરણાં અંગિકાર કર્યાં. સર્વ જીવાયોનીને ખમાવીને અને સર્વ સાધુ સાહિત એક માસનો સંથારો કરી કૈવલ પામી, સર્વ પરિવારસહિત મોક્ષને પામ્યા. ॥૪૧૨-૪૧૩॥

પછી શ્રી ગૌતમ સ્વામીના પૂછવાથી શ્રી મહાવીર સ્વામીએ કથા આગળ ચલાવી કે, તે સૂર્યસિરિ કન્યા ગોવિંદ વિપ્રના પરિવાર સાથે જતી હતી તેને ગોરસ વેચનારી આહીરણીએ પકડીને અટકાવી અને કહ્યું કે મારૂં ગોરસ ખાઈને મૂલ્ય દીધા વિના કયાં જાય છે? તારી બાઈએ જે ચોખા દેવાનુ કહ્યું છે તે લીધા પહેલાં હું તને જવા દઈશ નહિ ॥૪૧૪-૪૧૬॥

બ્રાહ્મણકન્યા સૂર્યસિરિ કહેવા લાગીઃ 'મૂલ્ય આપવા હું અસમર્થ છુ.' આ સાંભળી તે આહીરણીએ તેને કહ્યુ, 'જો તુ અસમર્થ હો તો ચાલ મારી સાથે, ત્યાં વિનીત થઈ રહેવાથી પુત્રીવત્ દહી દૂધ વગેરે સર્વ ચીજથી હું તને તૃપ્ત કરીશ.' આ સાંભળી તેણી તે ભરવાડણને ઘેર ગઇ અને તેના પુત્રીવત્ રહેવા લાગી. દુધ દહી વગેરે સર્વ સરસ આહાર જમવાથી તેણી અત્યંત રૂપવંત થઈ, અનુક્રમે તેણીનું યૌવન સંપૂર્ણ ખીલ્યું ॥૪૧૭-૪૧૮॥

આ સમયે દુષ્કાળ મટી સર્વત્ર સુકાળ વ્યાપ્યો હતો. સૂર્યશંખ કે જે પોતાની પુત્રી સૂર્યસિરિને વેચીને પરદેશ ગયો હતો તે ઘણું દ્રવ્ય એકઠું કરી સ્વજન વર્ગને મળવા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

માટે સ્વદેશ તરફ આવવા નીકળ્યો. ચાલતાં ચાલતાં તે પેલા આહીરને ગામ આવી પહોંચ્યો. ભોજન પ્રાપ્તિ અર્થે ગામમાં ફરતાં ફરતાં તે તે જ આહીરને ઘેર આવી પહોંચ્યો. કે જે આહીર સૂર્યસિરિને પુત્રીવત્ પાળતો હતો. અહીં તે ધનાઢય બ્રાહ્મણ સંપૂર્ણ યૌવનાવસ્થાને પામેલી સૂર્યસિરિને જોઈને કામાતુર બન્યો અને તેણીને કહેવા લાગ્યો. 'હે ભદ્રે ! તારાં માબાપ જો તારાથી મારૂં લગ્ન કરાવે તો હું તને સુવર્ણનાં આભૂષણો આપવા ઉપરાંત તારાં માબાપને ઘણું દ્રવ્ય આપું અને સ્વજન પરિવારને જમાડું. ॥૪૧૯-૪૨૩॥

તે કુમારીકાએ સઘળી હકીક્ત પોતાના માની લીધેલાં માબાપને સંભળાવી. તે સાંભળી આહીરે તે વિપ્રને કહ્યુ, 'કયાં છે તારૂં ધન, અમને તે જોવા દે.' વિપ્રે પાંચ રત્ન કાઢી બતાવ્યાં ત્યારે આહીરે કહ્યું 'એ પાંચ પાંચીકે શું થાય ?' ॥૪૨૪-૪૨૫॥

પછી વિપ્રે કહ્યું : 'તમે તે રત્નની કીંમત સમજી નહિ શકો, માટે મારી સાથે શહેરમાં ચાલો.' પછી સર્વ આહીરને લઈને તે નગરમાં વસતા ઝવેરીઓએ તે રત્નને બહુ કીંમતી જાણી રત્ન સાથે તેઓ તેના માલીકને રાજા પાસે લઈ ગયા. રાજા તે વ્યાપારીઓને મૂલ્ય પૂછવા લાગ્યો. વેપારીઓ કહે,-આમાંના એક રત્નની કીંમત કહેવા અમે અસમર્થ છીએ તો, પાંચ રત્નની કીંમત શી રીતે કહી જાય ? ॥૪૨૬-૪૨૯॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ત્યારે રાજાએ વિપ્રને જ પૂછયું, 'હે ભદ્ર! એનું શું મૂલ્ય અમારે તમને આપવું ?' બ્રાહ્મણ બોલ્યોઃ 'આપ નામદાર પ્રસન્ન થઈને જે આપો તે મારે કબુલ છે.' ॥૪૩૦॥

પછી રાજાએ બ્રાહ્મણને દસ કરોડ દ્રવ્ય આપ્યું. વળી તે ઉપરાંત વિપ્રના માગવાથી ગોકુળ ગામ કે જ્યાં પેલો આહીર રહેતો અને જ્યાંની ગાયો વીસ ગાઉ સુધીમાં ચરતી હતી તે વીસ ગામ જેટલી જમીન પણ તેને આપવામાં આવી. પછી તે વિપ્ર આહીરના ગામમાં આવી સૂર્યસિરિને પરણ્યો અને એશઆરામમાં રહેવા લાગ્યો. ॥૪૩૧–૪૩૩॥

તે મુઢ સ્ત્રી–પુરુષ વિષયાસક્ત થઈ ઘણાં વર્ષ સુધી સંસાર ભોગવતાં હતા, તેના પરિણામે સ્ત્રી ગર્ભવતી થઇ. ॥૪૩૪॥

એક વખતે ગામમાં બે જૈન મુનિ શુદ્ધ ગોચરીને અર્થે આવી પહોંચ્યાં અને તે વિપ્રને ઘેર ગયા. સૂર્યસિરિ સાધુને દેખી હર્ષ પામી આહાર લેવા ઉઠે છે. તે જોઈ સાધુ તેને સગર્ભા જાણી પાછા વળ્યા. ॥૪૩૫॥

તેથી તે સ્ત્રી રૂદન કરવા લાગી, તે જોઇ તેનો પતિ રડવાનું કારણ પૂછવા લાગ્યો 'સ્ત્રીએ જવાબ આપ્યો, પૂર્વે મારા પિતાએ મને ગોવીંદ વિપ્રને ઘેર વેચી હતી તે વખતે ઘણા મુનિ ત્યાં આહારને અર્થે પધારતા તેમને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તે બ્રાહ્મણી વિવિધ પ્રકારનાં શુદ્ધ ખાનપાન પંચાંગ પ્રણમીને આપતી, તે આજે મને યાદ આવ્યું, તેથી હું પણ દાન દેવા ઉઠી પરંતુ સાધુએ તે દાન સ્વીકાર્યું નહિ તેથી મને રૂદન આવ્યું.' ॥૪૩૬-૪૩૮॥

આ સાંભળી સૂર્યશીલને વ્હેમ પડયો. વધારે ખુલાસા માટે તેણે પૂછયું: 'તારી શેઠાણી તે બ્રાહ્મણી કોણ હતી?'

જવાબમાં તેણીએ પોતાનો સર્વ ઇતિહાસ કહ્યો, જે સાંભળીને વિપ્રને ખાત્રી થઈ કે તેને જવાબ આપનારી સ્ત્રી તે પોતાની પુત્રી જ હતી. ॥૪૩૯॥

હવે તે સૂર્યશીલ બ્રાહ્મણ મનમાં ચિંતવવા લાગ્યો: 'અહો, ધિક્ક છે મને કે મેં આવું ઘોર પાપ કર્યું. પૂર્વના કોઈ કેવાએ અઘોર પાપના ઉદયે કરીને હું પોતાની પુત્રીને જ પરણ્યો હવે હું આ પાપથી ખરડાયેલા શરીરને જાજ્વલ્યમાન અગ્નિ મધ્ય હોમીશ, કે, જેથી તે પાવન થાય. હવે હું કાતરવડે આ શરીરના તીલતીલ જેટલા કકડા કરીશ. અથવા ઉંચા પર્વતપર ચડીને ઝંપાપાત કરીશ. અથવા ઘણા પુરૂષો પાસે લોખડના ઘણવડે તે ટીપાવીશ. અથવા તીક્ષ્ખી કરવતે કરી કાષ્ટની માફક તે શરીરને છેદાવીશ. ત્રાંબુ ગાળીને તે ધગધગતો રસ પીશ અથવા શરીરના ટુકડેટુકડા કરી-છુંદાવી-તે ઉપર ખાર ભરાવીશ. અથવા જીવતો પાણીમાં બુડી મરીશ અને મારા શરીરને મગરનો ભક્ષ બનાવીશ. ॥૪૪૦-૪૪૬॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એવા એવા કષ્ટ–મરણ ચીંતવીને છેવટે તે એવા ઠરાવપર આવ્યો કે, બળતા અગ્નિ વિના મારા પાપને બાળવા કોઈ સમર્થ નથી, માટે તેમ કરવાનો ઠરાવ કરી ગામલોકને એકઠા કરી ખુલ્લા દીલથી કહેવા લાગ્યો: ‘અહો લોકો! પોતાની પુત્રી સાથે પરણનાર મુજ દુષ્ટ તરફ નજર કરો. મારા સરખો પાપી ત્રણ ભુવનને વિષે તમે કદી સાંભળ્યો હતો? પિતાની ફરજ છે કે પુત્રીને યોગ્ય ઉમરે સમાન કુળ જોઈને પરણાવે. તે ફરજ મેં અદા કરી નહિ અને લોભ વશ થઈને બ્રાહ્મણને ઘેર તે કન્યા... અને આખરે હું જ તેણીને પરણ્યો. અહો લોકો! ... રૂપી કાદવથી ખરડાયેલું આ મારૂં શરીર અગ્નિ વિના પાવન થઈ શકે તેમ છે નહિ. માટે તમે બધા મળીને મને તેનું પ્રાયશ્ચિત આપો.’ ॥૪૪૭–૪૫૪॥

પછી નદી કીનારે કાષ્ટની એક મોટી ચીતા ગોઠવવામાં આવી, તે ઉપર બેસીને તે વિપ્ર પોતાનાં પાપ પ્રકાશતો હતો તથા આત્માને નિંદતો હતો. લોકો પાસે શળ તથા ઘી સીચાવીને અગ્નિ પ્રદિપ્ત કરાવતો હતો. પરંતુ આશ્ચર્યની વાત એ બની કે, તે વિપ્રના શરીરે જ્વાલા મુદલ સ્પર્શ કરી શકી નહિ. ॥૪૫૫–૪૫૬॥

તે જોઈ ગામલોક કહેવા લાગ્યા કે: ‘શત્રુ–મિત્ર ઉપર સમભાવ રાખનાર અગ્નિ પણ જેનો સ્પર્શ કરવા ખુશી નથી એવો આ વિપ્ર ખરે જ મહા પાપી છે’ ॥૪૫૭॥

એમ કહી તેને ધિક્કારી તેની સ્ત્રી સહિત ગામ બહાર કાઢયો. ॥૪૫૮॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust